



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 6 | Issue- 284 | AD-2023, Ashadh Vad- (( 0 | Monday Dt. 17-07-2023 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



# અવકાશયાન યોગ્ય સ્થિતીમાં, હજુ ૪ વખત ઓર્બિટ બદલાશે : ઈસરો

બેંગ્લોર,તા.૧૬

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના વૈજ્ઞાનિકોએ શનિવારે ચંદ્રયાન-૩ની પ્રથમ ભ્રમણકક્ષા વધારવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. એટલે કે ચંદ્રયાન હવે પૃથ્વીની આગામી અને મોટી ભ્રમણકક્ષામાં પહોંચી ગયું છે. આ પ્રક્રિયા બેંગલુરુ ખાતે ઈસરોના ટેલિમેટ્રી ટ્રેકિંગ એન્ડ કમાન્ડ નેટવર્ક દ્વારા નિયંત્રિત કરવામાં આવી હતી. ૩૧મી જુલાઈ સુધી ભ્રમણકક્ષા વધારવાની પ્રક્રિયા વધુ ૪ વખત કરવામાં આવશે.

ઈસરોએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, 'ચંદ્રયાન-૩ સંપૂર્ણપણે યોગ્ય સ્થિતિમાં છે. આ યાન એવા ઓર્બિટ (ભ્રમણકક્ષા)માં છે, જે પૃથ્વીથી તેના સૌથી નજીકના બિંદુએ ૧૭૩ કિલોમીટર અને તેના સૌથી દૂરના બિંદુએ ૪૧,૭૬૨ કિલોમીટરના અંતરે છે. ઈસરોએ ૧૪ જુલાઈના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. ચંદ્રયાનને આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી **LVM**૩-**M**૪ રોકેટ દ્વારા અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. લોન્ચિંગના ૧૬ મિનિટ બાદ ચંદ્રયાનને સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચાવામાં આવ્યું હતું. આ ભ્રમણકક્ષા જ્યારે પૃથ્વીની સૌથી નજીક હતી ત્યારે ૧૭૦ કિલોમીટર અને જ્યારે સૌથી દૂર હતી ત્યારે ૩૬,૫૦૦ કિલોમીટરના અંતરે હતી.

ઈસરોના ચીફ એસ સોમનાથે જણાવ્યું કે જો બધું યોજના મુજબ ચાલ્યું તો યાન ૨૩ ઓગસ્ટે સાંજે ૫.૪૭ કલાકે ચંદ્ર પર ઊતરશે. ચંદ્રયાન-૩માં લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડ્યુલ છે. લેન્ડર અને રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઊતરશે અને ત્યાં ૧૪ દિવસ સુધી પ્રયોગો કરશે. પ્રોપલ્શન મોડ્યુલ ચંદ્રની ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વી પરથી આવતાં રેડિયેશનનો અભ્યાસ કરશે. મિશન દ્વારા ઈસરો ચંદ્રની સપાટી પર ભૂકંપ કેવી રીતે આવે છે



તે શોધી કાઢશે. તે ચંદ્રની જમીનનો પણ અભ્યાસ કરશે.

જો સોફ્ટ લેન્ડિંગમાં સફળતા મળે છે એટલે કે મિશન સફળ થાય છે તો અમેરિકા, રશિયા અને ચીન પછી ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. યુએસ અને રશિયા બંને ચંદ્ર પર સફળતાપૂર્વક ઊતર્યા તે પહેલાં અનેક અવકાશયાન ક્રેશ થયાં હતાં. ૨૦૧૩માં ચાંગ ઈ-૩ મિશન સાથેના પ્રથમ પ્રયાસમાં સફળ થનાર ચીન એકમાત્ર દેશ છે.

પ્રક્ષેપણ ખર્ચ વિના ચંદ્રયાન-૩નું બજેટ આશરે રૂ. ૬૧૫ કરોડ છે, જ્યારે તાજેતરની ફિલ્મ આદિપુરુષનું બજેટ રૂ. ૭૦૦ કરોડ હતું. એટલે કે ચંદ્રયાન-૩ આ ફિલ્મની કિંમત કરતાં લગભગ ૮૫ કરોડ રૂપિયા સસ્તું છે. આના ૪ વર્ષ પહેલાં મોકલવામાં આવેલ ચંદ્રયાન ૨-ની કિંમત પણ ૬૦૩ કરોડ રૂપિયા હતી. તેના લોન્ચિંગ પર ૩૭૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા.

ચંદ્રયાન-૩ના પ્રથમ ઓર્બિટ મેન્યુવરિંગને સફળતાપૂર્વક પસાર કરી છે. હવે ચંદ્રયાન-૩ની પ્રથમ કક્ષા બદલાઈ ગઈ છે. ચંદ્રયાન હવે ૪૨ હજાર કિમીથી વધારે અંતરની કક્ષામાં પૃથ્વીની ચોતરફ અંડાકાર ચક્કર લગાવશે. અત્યારે વૈજ્ઞાનિકો આ કક્ષા સાથે સંકળાયેલી માહિતીનું વિશ્લેષણ કરી રહ્યા છે. ચંદ્રયાન-૩ને ૧૭૯ કિમીની પેરીજી અને ૩૬,૫૦૦ કિમી એપોજીવાળા અંડાકાર કક્ષામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ ઓછા અંતરની પેરોજી છે. જ્યારે લાંબા અંતરની એપોજી દર્શાવવામાં આવી છે. પહેલા ઓર્બિટ મેન્યુવરમાં એપોજીને વધારવામાં આવી છે. તે ૩૬,૫૦૦ કિમીથી વધારી ૪૨ હજાર કિમી કરવામાં આવી છે.

૩૧ જુલાઈ ૨૦૨૩એ ચંદ્રયાન-૩ ધરતીથી દસગણુ અંતર કાપી નાંખ્યુ હશે. ઈસરોના વૈજ્ઞાનિકો એપોજીમાં ફેરફાર કરી તેના વધુ અંતરને વધારવાનો પ્રયત્ન કરશે. આ ત્યા સુધી કરવામાં આવશે કે જ્યા સુધી ચંદ્રયાન-૩ ધરતીથી એક લાખ કિમી અંતર પૂરું ન કરે. ત્યારબાદ વૈજ્ઞાનિકો તેને ગુલેલની માફક ઉપયોગ કરશે, એટલે કે સ્લિંગશોટ કરી ચંદ્રયાન-૩ને ટ્રાન્સલૂનરમાં મોકલવાનો પ્રયાસ કરવામાં આવશે. તેને સોલ સોલર ઓર્બિટનું નામ આપવામાં આવ્યું છે.૫-૬ ઓગસ્ટના રોજ ચંદ્રયાન-૩ લૂનર ઓ્બિટ ઈન્સર્શનના તબક્કામાં હશે. ત્યારબાદ ચંદ્રયાન-૩ના પ્રોપલ્શન સિસ્ટમને ચાલુ કરવામાં આવશે. તેને આગળની દિશામાં મોકલવાનો પ્રયત્ન કરતા રહેવામાં આવશે. તેનો અર્થ છે કે ચંદ્રમાની ૧૦૦ કિ.મી ઉપરની કક્ષામાં મોકલવાનો પ્રયાસ થશે. ૧૭ ઓગસ્ટના રોજ પ્રોપલ્શન સિસ્ટમ ચંદ્રયાન-૩ લેન્ડર રોવરથી અલગ થઈ જશે.






























સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
૦૨
સોમવાર, તા.૧૭-૦૭-૨૦૨૩

### જિલ્લામાં મગફળીનુ ૧.૫૧ લાખ હેકટરનું વાવેતર નોંધાયુ

# અમરેલી જિલ્લામાં ૩.૬૪ લાખ હેકટરમાં કપાસનું વાવેતર

**સતત વરસી રહેલા વરસાદને કારણે વાવેતર નિષ્ફળ જવાની ભીતિ**

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં ચોમાસુ પાકનું મોટા પ્રમાણમાં વાવેતર થયુ છે. જો કે છેલ્લાં ઘણા સમયથી હવે મગફળીના બદલે કપાસનું વાવેતર નોંધાયુ છે. કપાસના આ વર્ષે સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો. અમરેલી જિલ્લામાં મગફળીના વાવેતરની વાત કરીએ અમરેલી તાલુકામાં ૭૦૪૫ હેકટર, બાબરામાં ૨૧૮૩૭ હેકટર, બગસરામાં ૫૮૮૦ હેકટર, ધારીમાં ૩૦૯૯૫ હેકટર, જાફરાબાદમાં ૯૦૮૦ હેકટર, ખાંભામાં ૧૪૫૩૫ હેકટર, લાઠીમાં ૮૧૦ હેકટરમાં, લીલીયામાં૭૦૫ હેકટર, રાજુલામાં ૧૪૨૪૦, સાવરકુંડલામાં ૨૮૫૨૬ અને કુંકાવાવમાં ૧૭૩૫૧ હેકટરમાં વાવેતર નોંધાયું છે જયારે કપાસનું જિલ્લામાં સૌથી વધુ વાવેતર નોંધાયુ છે. કપાસના



વાવેતરની વાત કરીએ તા અમરેલી તાલુકામાં ૫૮૫૬૦ હેકટર, બાબરામાં ૩૨૨૮૩ હેકટર, બગસરામાં ૧૯૬૨૪ હેકટર, ધારીમાં ૩૪૬૮૦ હેકટર, જાફરાબાદમાં ૧૨૧૧૦ હેકટર, ખાંભામાં ૧૯૩૩૫ હેકટર, લાઠીમાં ૫૧૭૨૪ હેકટરમાં, લીલીયામાં ૨૯૦૫૦ હેકટર, રાજુલામાં ૨૫૪૮૯, સાવરકુંડલામાં ૫૨૦૩૯ અને કુંકાવાવમાં ૨૯૨૧૭ હેકટરમાં વાવેતર નોંધાયું છે.

જો કે જિલ્લામાં તલ, અડદ સહિત સોયાબીનનું પણ વાવેતર કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં તમામ તાલુકા મથકો ઉપર મેઘો મનમૂકી વરસતા ખેડૂતોમાં સારું વર્ષ જવાની આંદનની લાગણી પ્રસરી ગઈ છે. તેવા સમયે છેલ્લા ૨૦થી ૨૨ દિવસથી અવિરત વરસાદ પડવાના કારણે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આજે પણ છૂટો છવાયો વરસાદ કેટલાક તાલુકામાં પડવાના કારણે રોડ રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. અમરેલી,વડીયા,લાઠી, રાજુલા,બગસરા,ધારી સહિત વિસ્તારમાં વરસાદી ઝાપટા પડવાના કારણે ખેડૂતોના જીવ અધ્ધર થઈ રહ્યા છે.

## મિલેટસ વર્ષ અંતર્ગત જાફરાબાદનો બાજરો અપર્ણ કરવામાં આવ્યો



અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે પ્રધાનમંત્રીએ જાફરાબાદી બાજરાના વખાણ કરતા જાફરાબાદી બાજરાનું પેકીંગ કરી પીઠાભાઈ નકુમે સાંસદ, નારણ કાછડીયા, ધારાસભ્યો કૌશિક વેકરીયા, જનક તળાવીયાને અર્પણ કર્યુ હતુ.

## વડીયાના નવા ઉજળા ગામે જંતુનાશક દવાવાળો ચારો ખાતા ૨૦ ઘેટીને ગર્ભપાત, ગાયનું મોત

અમરેલી,તા.૧૬

વડીયાના નવા ઉજળા ગામે કેટલાક ખેડૂતો દ્વારા ગૌચરમા જંતુનાશક દવાનો છંટકાવ કરાયો હોય આવો ચારો ખાતા ૨૦ ઘેટીને ગર્ભપાત થઈ ગયો હતો. જયારે એક ગાયનુ મોત નિપજતા માલધારીઓએ મામલતદારને આવેદન આપી રોષ વ્યકત કર્યો હતો.



માલધારીઓએ જણાવ્યું હતું કે, આ ખેડૂતોએ સરકારી ખરાબા અને ગૌચરની જમીનમા જંતુનાશક દવાનો છંટકાવ કર્યો હતો. આ સ્થળે તેમના માલઢોર આજુબાજુમા જ હોય પશુઓને પણ મોટુ નુકશાન થયુ હતુ. એક ગાયનુ મોત થયુ હતુ. જયારે ૨૦ જેટલા ગાડરને પુરા મહિના થયા ન હોવા છતા બચ્ચાઓનો ગર્ભપાત થઈ ગયો હતો. આ બાબતે તેમણે તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી છે.

## લાઠી તાલુકામાં વિશ્વ વસ્તી પખવાડીયાની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૧૬

લાઠી તાલુકામાં વિશ્વ વસ્તી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી. તમામ આરોગ્ય કેન્દ્રના ગામોમાં કુંટુંબ નિયોજનની પધ્ધતિ વિશે લોકોને સમજાવી લઘુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.

## ચલાલા પીએસઆઈની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા પોલીસ વડાએ તાજેતરમાં પીએસઆઈની બદલીઓનો ગંજીપો ચીપ્યો છે. જેમાં અનેક પીએસઆઈની અરસપરસ બદલીઓ કરવામાં આવી છે. જેથી ચલાલા પીએસઆઈ ગલચરની બદલી જતા પીએસઆઈનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. પોલીસ



સ્ટેશન ખાતે યોજાયેલા વિદાય સમારંભમાં પોલીસ સ્ટાફ દ્વારા પીએસઆઈનું સન્માન કરી વિદાયમાન અપાયું હતુ. વિદાય સમારંભ સમયે પોલીસ કર્મીઓ હાજર રહ્યાં હતા.

## લીલીયાના ગોઢાવદર ગામે સર્પે દંશ મારતા ભેંસનું મોત

ગોઢાવદર,તા.૧૬

લીલીયાનાં ગોઢાવદર ગામે રમેશભાઈ મનજીભાઈ ડાભીની ભેંસ ઘરની પાછળ ચારો ચરતી વખતે



સર્પ કરડી જતા ભેંસ થોડે દુર ભાગી જતા શરીરમાં ઝેર પ્રસરી જતા ત્યાં ને ત્યાં ઢળી પડી હતી અને મૃત્યુ પામી હતી. ભેંસના મોતથી પશુપાલકોમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

## જાફરાબાદના ખારવા સમાજના યુવકે સાયકલ પર કેદારનાથ સુધીનો પ્રવાસ કર્યો

અમરેલી,તા.૧૬

એક કહેવત છે કે મન હોય તો માળવે જવાય આ જ કહેવતને જાફરાબાદના ખારવા સમાજના યુવકે સાર્થક કરી છે. જાફરાબાદમા રહેતા ખારવા સમાજના એક યુવકે સાયકલ પર કેદારનાથ સુધીની ૧૬૦૦ કિમીની યાત્રા પૂર્ણ કરી છે. આ યુવક જાફરાબાદથી નીકળી ૨૨મા દિવસે કેદારનાથ પહોંચ્યો હતો. તેમની આસ્થા અને સાહસને



આ વિસ્તારના લોકોએ બિરદાવી હતી. લોકો ટ્રેન, બસ કે હેલિકોપ્ટર મારફત કેદારનાથની યાત્રા કરતા હોય છે. પરંતુ જાફરાબાદમા રહેતા ખારવા સમાજના આશિષ સોલંકીએ તો સાયકલ પર ૧૬૦૦ કિ.મીની કેદારનાથ સુધીની યાત્રા પૂર્ણ કરી છે.

## અમરેલીમાં મીસ્ડ કોલ મારી ભાજપ જોડો અભિયાન હાથ ધરવામાં આવ્યું

અમરેલી,તા.૧૬

કેન્દ્ર સરકારના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના નવ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે યુવાનોના સમર્થન માટે કે.કે પારેખ કોમર્સ કોલેજ અમરેલી ખાતે જિલ્લા યુવા મોરચા અને અમરેલી શહેર યુવા મોરચા દ્વારા ૯૦૯૦૯ ૦૨૦૨૪ પર મિસ્ડકોલ અભિયાન ચલાવી ભારતીય જનતા



પાર્ટીની સરકારને સમર્થન આપવામાં આવ્યું હતુ. આ તકે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના મંત્રી અને અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રભારી જય શાહ,અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતન શિયાળ, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી શહેર ભાજપના મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા,અમરેલી સહિત ભાજપ આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યાં હતા.

## સાવરકુંડલામાં કતલખાના બંધ કરાવવા જિલ્લા પોલીસ વડાને સાંસદની રજૂઆત

અમરેલી,તા.૧૬

સાવરકુંડલામાં ગેરકાયદેસર રીતે કતલખાના ધમધમતા હોવાથી સાંસદ આ બાબતે આક્રમક બન્યા છે. શહેરમાં કતલખાના બંધ કરવા માટે સાંસદે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી પત્ર પાઠવ્યો છે.

સાંસદ નારણભાઈ કાછડીયાએ પોલીસવડાને પાઠવેલા પત્રમા જણાવ્યું હતુ કે સાવરકુંડલા જુના બસ સ્ટેશન પાસે આવેલ ખાટકીવાડ વિસ્તારમા જાહેરમા કોઈપણ લાયસન્સ કે પરવાનગી વગર કતલખાના ચાલી રહ્યાં છે. આમ તો અગાઉ કતલખાના બંધ કરાવાયા હતા. પરંતુ ફરી ધમધમતા થયા છે.શહેરમા ચાલતા કતલખાના



બંધ કરાવવા માટે થોડા સમય પહેલા પણ વિશ્વ હિન્દુ પરિષદ તથા વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા મુખ્ય માર્ગ પર રેલી કાઢી મામલતદાર અને ધારાસભ્યને આવેદનપત્ર પાઠવાયુ હતુ. આમ છતાં કતલખાના ચલાવનારાઓને પોલીસનો જાણે કંઈ જ ડર ન હોય તેમ બેરોકટોક કતલખાના ચાલી રહ્યાં હોવાથી શહેરીજનોમાં રોષ ફેલાયો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.


નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# ધારાસભ્ય મહેશ કસવાળાની ઉપસ્થિતિમાં સાવરકુંડલાના મોટા ઝીંઝુડામાં ટીફીન બેઠક

અમરેલી,તા.૧૬



સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે ભોમેશ્વર મહાદેવના સાનિધ્યમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં ટિફિન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરિયા, પુનાભાઈ ગજેરા, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, શરદભાઈ ગૌદાની, લાલભાઈ મોર, રાહુલભાઈ રાદડિયા, લલિતભાઈ બાલધા, વિજયભાઈ ચાવડા, તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ.શરદભાઈ પંડ્યા, જીવણભાઈ વેકરિયા, મહામંત્રી ચેતનભાઈ માલાણી, નીતિનભાઈ નગદિયા, ભનુભાઈ ડાભી, જિજ્ઞેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિંછીયા ,મુકેશભાઈ મહીડા, જીતુભાઈ કાછડીયા. પરાગભાઈ ત્રીવેદી, વિજયસિંહ વાઘેલા,પ્રવીણભાઈ કોટીલા. તેમજ શહેર-તાલુકા-જિલ્લા ભાજપના અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફતેપુર ગામે કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં ટીફીન મિટિંગ મળી

સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સરકારે મેળવેલ સિદ્ધિઓ વિશે જણાવાયું

અમરેલી, તા.૧૬



અમરેલીના ફતેપુર ગામે ભાજપ પરિવાર દ્વારા એક ટીફીન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિધાનસભાના નાયબ મુયખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની વિશેષ ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. બેઠકમાં અશ્વિનભાઈ સાવલીયા, વનરાજભાઈ કોઠીવાળ, જલ્પેશભાઈ મોવલીયા સહિત ભાજપ પરિવારના સર્વ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં કાર્યકર્તાઓને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સરકારે મેળવેલ સિદ્ધિઓ વિશે જણાવવામાં આવ્યું હતુ. આ તકે સંગઠનને મજબુત કરવા અને આગામી લોકસભાની ચૂંટણી વિશે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.

# રાજુલામાં મરેલા ઢોર રસ્તા પર નાખવામાં આવતા લોકોમાં રોષ

રાજુલા, તા.૧૬



તસ્વીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં કોઈ માલઢોર મરણ પામે તો નગરપાલિકા દ્વારા રાજુલામાં આવેલ ગૌશાળાની સામે નાખવામાં આવે છે, પરંતુ અત્યારે અંદર બાઉન્ડ્રીમાં વાહન જઈ શકે તેમ ન હોય અને અંદર જવાના રસ્તે જ કચરો નાખવામાં આવતો હોવાથી આ મરેલા માલઢોર ગૌશાળાની સામે રોડ ઉપર જ નાખવામાં આવે છે જેના કારણે બદબુ અને ગંદકીથી આસપાસના રહીશોને ભારે પરેશાની થતા લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે. આ બાબતનું જો યોગ્ય નિરાકરણ નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવું અહીંના રહીશો જણાવી રહ્યા છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે કામધેનુ ગૌશાળાની મુલાકાત લેતા કૌશિક વેકરીયા

અમરેલી, તા. ૧૬



અમરેલી જિલ્લા ભાજપ દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિન નિમિત્તે વિવિધ સેવાકીય સંસ્થાઓની મુલાકાત લઈ સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પણ અમરેલી શહેરમાં આવેલ શિવમ કેબલ ટ્રસ્ટ સંચાલિત બિમાર ગાયોની સેવા કરતી સંસ્થા કામધેનુ ગૌશાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા અને મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયાનું સંસ્થા વતી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધર્મેન્દ્રગીરી ગોસ્વામી, મનોજભાઈ કાનાણી, સુરેશભાઈ ત્રિવેદી, કિરીટભાઈ, કાનભાઈ જાની, નગરપાલીકા સદસ્ય, દિલીપભાઈ વાળા, હરીભાઈ કાબરીયા, ચીરાગભાઈ ચાવડા, સદ્દામભાઈ, આરીફભાઈ, મહેન્દ્રભાઈ ચાવડા, રાજુભાઈ મહેતા, રાજુભાઈ ગોસ્વામી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ગાંધી મંદિર ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા. ૧૬

રાજુલા શહેરમાં આવેલ ગાંધી મંદિર ખાતે રતીલાલ ભીમજી જોષી ટ્રસ્ટ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા વિપુલભાઈ લહેરીની તસ્વીરોનું પ્રદર્શન કરાયું હતું. ઉપરાંત વૃક્ષારોપણ અને પક્ષીઘરનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પધારેલા મહેમાનો અને સેવાભાવિ વડીલોનું સન્માન કરવાની સાથે વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કરી સન્માનીત કરાયા હતા. આ તકે મોટી સંખ્યામાં વેપારીઓ, સામાજીક -રાજકિય આગેવાનો સહિત બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.


LAKSHYA
EDUCATION

એડમિશન ચાલુ છે

ધોરણ ૧૦/૧૨ પછી?

હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર (S.I.)
ફાયર સેફ્ટી
ANM
GNM
B.Sc. (Nursing)
PBSC

SC/ST વિદ્યાર્થીઓને સ્કોલરશીપ

NIOS બોર્ડમાં ધોરણ 10/12 (આર્ટ્સ, કોમર્સ, સાયન્સ) નો અભ્યાસ પૂરો કરી કારકિર્દી બનાવો

Gandhinagar - Ahmedabad - Rajkot
Junagadh - Amreli - Surendranagar

Contact : 7043819956 / 9510140937
lakshyaeducationamreli@gmail.com
http://lakshyaeducation.org.in/

બીજો માળ, સંસ્કાર કોમ્પલેક્ષ લાઠી રોડ, અમરેલી


# સૌ. યુનિ. માં સેનેટ સભ્ય બનતા ભરતભાઈ મકવાણાનું સન્માન

સોસાયટીના રહીશો દ્વારા સન્માન કરવામાં આવ્યું

અમરેલી, તા. ૧૬

અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરતભાઈ મકવાણા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ સેનેટની ચૂંટણીમાં શિક્ષક વિભાગમાં સેનેટ સભ્ય તરીકે બિનહરીફ જાહેર થયા હતા. જેને લઈને અમરેલી શહેરમાં ખુશ લહેર વ્યાપી ગઈ હતી. ભરતભાઈની સોસાયટી પરિવારના સભ્યો દીપેશભાઈ પંડ્યા, હિમાંશુભાઈ પંડિત, પરેશભાઈ મહેતા, નંદીપભાઈ પટેલ, અશોકભાઈ રબારી, રાજેશભાઈ વિરડીયા, દિનેશભાઈ કનાડિયા, ઘનશ્યામભાઈ સરવૈયા, રાહુલભાઈ ભરાડ, હર્ષિતભાઈ સોની, દશરથસિંહ સરવૈયા, દર્શન કરસારા, કેતનભાઈ પાથર, બીપીનભાઈ વ્યાસ, રાજેશભાઈ ડોડીયા, સુરેશભાઈ ધારૈયા, કુમનભાઈ ખંભાયતા, મયુરભાઈ મજેઠીયા, વગેરે આગેવાનો અને



મિત્રોએ શાલ તથા પુષ્પગુચ્છ આપીને તેમનું સન્માન કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી. અને અમરેલી જિલ્લાના પ્રશ્નોને સૌરાષ્ટ્ર યુનિર્વસીટીમાં યોગ્ય રીતે રજુઆત કરી નીકાલ લાવે તેવી સોસાયટીના મિત્રોએ શુભકામના પાઠવી હતી.


KAKA®
PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી




## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ પરચુરણ અરજી નં.૧૦૭/૨૦૨૩

અરજદારઃ (૧) શ્રી ગોરધનભાઈ શામજીભાઈ કાથરોટીયા
ઠે.કરજાળા, સાવરકુંડલા, અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી ગોપાલભાઈ જે. વિરાણી
ઠે.ગણેશ કોમ્પ્લેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા

વિરૂધ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,કરજાળા, તા.સાવરકુંડલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામના રહીશ શ્રી ગોરધનભાઈ શામજીભાઈ કાથરોટીયા એ તેમના પુત્રી નો જન્મ કરજાળા મુકામે તા.૦૧/૦૭/૧૯૭૭ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રીના પુત્રી શ્રી કોકીલાબેન ગોરધનભાઈ કાથરોટીયા ના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૭માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૩/૦૭/૨૦૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ પરચુરણ અરજી નં.૧૧૨/૨૦૨૩

અરજદારઃ (૧) શ્રી કાંતાબેન લાભુભાઈ હુંમર,
ઠે.ગાધકડા, સાવરકુંડલા, અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી ગોપાલભાઈ જે. વિરાણી
ઠે.ગણેશ કોમ્પ્લેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા

વિરૂધ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,ગાધકડા, તા.સાવરકુંડલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના રહીશ શ્રી કાંતાબેન લાભુભાઈ હુંમર એ તેમના પુત્રી નો જન્મ ગાધકડા મુકામે તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી ના પુત્રી શ્રી જયશ્રીબેન લાભુભાઈ હુંમર ના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૦૭૮ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૨/૦૮/૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૩/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા


વેચવાનો છે
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ બિલ્ડીંગ સાથે
GIDC અમરેલી-ગુજરાત
ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ૪૦૭૨ સ્કવે. મીટર (૧-એકર),
૧૬૦૧૪ સ્કવે. ફુટ બિલ્ડિંગ બાંધકામ સાથે
GIDC અમરેલીમાં વ્યાજબી ભાવે વેચવાનો છે.
સંપર્ક
મો.: +91 8375856577. Email : nirav.tsc@gmail.com


## સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં

જન્મ નોંધ પરચુરણ અરજી નં.૧૧૩/૨૦૨૩

અરજદારઃ (૧) શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ માંગુકીય
ઠે.બાઢડા, સાવરકુંડલા, અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી ગોપાલભાઈ જે. વિરાણી
ઠે.ગણેશ કોમ્પ્લેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા

વિરૂધ્ધ

સામાવાળાઃ- તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,બાઢડા, તા.સાવરકુંડલા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામના રહીશ શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ માંગુકીયા એ તેમના પોતાનો નો જન્મ બાઢડા મુકામે તા.૦૧/૦૧/૧૯૭૩ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી ના પોતાના શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ માંગુકીયા ના જન્મ ની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૭૩ માં થયેલ નથી. હાલ સરકારી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૭/૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા


વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


# ચલાલા ખાતે ધારાસભ્ય જે.વી કાકડિયાની ઉપસ્થિતિમાં ટીફીન બેઠક

## જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયત અને નગરપાલિકાના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા

અમરેલી, તા.૧૬

જિલ્લા ભાજપ પરિવાર દ્વારા દરેક તાલુક વાઈઝ ટીફીન મિટિંગો યોજાઈ રહી છે. જેના અનુસંધાને ધારીના




ચલાલા ખાતે ધારાસભ્ય જે.વી કાકડિયાની વિશેષ ઉપસ્થિમાં ધારી, ચલાલા, ખાંભા વિધાનસભા વિસ્તારની ટીફીન બેઠક યોજાઈ હતી. જેમાં સર્વ મંડળના પ્રમુખો, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયત અને નગરપાલિકાના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. જેમાં સર્વ કાર્યકર્તાઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ભાજપ સરકારની મળેલી સફળતાઓ વિશે જાણકારી આપી આગામી કાર્યક્રમો વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

# રાજુલાના ભેરાઈ ગામે દર્શન કરીને આવતા બે શખ્સો પર દીપડાનો હુમલો

## અમરેલી જિલ્લામાં બે દિવસમા ત્રણ લોકોને દીપડાએ ઘાયલ કર્યા

રાજુલા, તા.૧૬

રાજુલા તાલુકાના ભેરાઈ ગામે દીપડાના હુમલાની ઘટના બની હતી. જેમાં બે શખ્સો ઘાયલ થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજુલાના



ભેરાઈ ગામના ભગુભાઈ લાલભાઈ રામ અને રાજ સંજયભાઈ વ્યાસ હનુમાનજીના મંદિરેથી દર્શન કરીને



પરત આવી રહ્યા હતા ત્યારે બંને પર એક દીપડાએ અચાનક હુમલો કરી દીધો હતો. જેમાં બંને શખ્સોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઘટનાની જાણ થતા ગામના સરપંચ સહિત આગેવાનોએ દોડી જઈ ઘાયલોને સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા. તેમજ વનવિભાગના અધિકારીઓ પણ ઘટનાની જાણ થતા હોસ્પિટલે પહોંચી ગયા હતા. ગામના સરપંચે દીપડાની હેરાનગતિ વધી ગઈ હોવાનું જણાવી સત્વરે કાર્યવાહી કરવા માંગ કરી હતી.

# રાજુલામાં લારીએ ફળ ખરીદતા પ્રૌઢને ટ્રક ચાલકે ટક્કર મારી

રાજુલા, તા.૧૬

રાજુલા માર્કેટ યાર્ડ પાસે લારી પરથી ફ્રૂટ ખરીદતા એક પ્રૌઢને ટ્રક ચાલકે આવી ટક્કર મારી હતી. જેમાં તેમનો હાથ ટ્રકના વ્હીલ નીચે આવી જતાં ફેક્ચરની ઈજા થઈ હતી. બનાવ અંગે ઈબ્રાહીમભાઈ તાહેરઅલી ચૌહાણ (ઉ.વ.૭૨) એ ટ્રક નંબર જીજે-૧૨-બીએક્સ-૫૭૩૮ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાનું સ્કૂટી લઈ રાજુલા માર્કેટ યાર્ડ પાસે ફ્રૂટ લેવા ગયા હતા. તેઓ ફ્રૂટની લારી પર ઉભા રહી ફ્રૂટ ખરીદતા હતા ત્યારે ટ્રક ચાલકે આવી પાછળની ઠોકર મારી હતી. જેમાં તેમનો જમણો હાથ ટ્રકના વ્હીલ નીચે આવી જતાં ફેક્ચર થયું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાથી લુંઘીયાને જોડતો પુલ બિસ્માર હાલતમાં: અકસ્માતનો ભય

બગસરા, તા.૧૬

બગસરાના નદીપરા વિસ્તારમાં આવેલો અને ઝાંઝરીયા તથા લુંઘીયા ગામને જોડતો બગસરાનો એકમાત્ર પુલ અતિ બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. જેના કારણે મોટો અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. આ પુલમાં નાખેલા લોખંડના સળિયા દેખાવા લાગ્યા



છે.આ સળિયાના કારણે પસાર થતા વાહનોમાં પંચર પડી જાય છે, જેના કારણે સંતુલન ખોરવાઈ જાય છે અને અકસ્માતનો ભય રહે છે. ઉપરાંત પુલની બંને બાજુ કોઈ રેલીંગ ન હોવાથી પાણીમાં પડી જવાની પણ ભીતિ રહે છે. વરસાદની સિઝનમાં પાણી પુલ ઉપરથી વહેતુ હોવાથી રસ્તો બંધ થઈ જાય છે જેથી લોકોને હાલાકી પડે છે. આવા સંજોગોમાં કાં તો પુલને ઉંચો લેવામાં આવે અથવા ઓવરબ્રિજ બનાવવામાં આવે અથવા નવો પુલ બનાવવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

# નાના રાજકોટ ગામની સીમમાંથી ૪ શકુની ઝડપાયા

લીલીયા, તા.૧૬

લીલીયાના નાના રાજકોટ ગામની સીમમાંથી પોલીસે ૪ જુગારીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડા ૧૭,૭૦૦, ત્રણ મોબાઈલ મળી કુલ ૩૯,૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. સામતુભાઈ ચાંપરાજભાઈ ખુમાણ, સલીમભાઈ હુસૈનભાઈ કાજી, જયરાજભાઈ બહાદુરભાઈ ખુમાણ તથા ભુપતભાઈ પ્રાગજીભાઈ જાદવને ગામની સીમમાં જુગાર રમતાં રોકડા ૧૭,૭૦૦, ત્રણ મોબાઈલ મળી કુલ ૩૯,૭૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી કાર્યવાહી કરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એલ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# શેત્રુજી નદી પર નવો પુલ બનાવવા લોકોની માંગ

બગસરા, તા.૧૬

હાલ અમરેલી જિલ્લામાં ચોમાસું જામ્યું છે. સતત અવિરત વર્ષાથી તમામ નદી, નાળા છલકાઈ ગયા છે. જીલ્લાની જીવાદોરી સમાન ગણાતી શેત્રુંજી નદી પણ બે કાંઠે વહેતી થઈ છે ત્યારે સરંભડા ગામના લોકો વહેતા પાણીમાં સામા કાંઠે જવાનું સાહસ કરી રહ્યા છે. ગત વર્ષે આ સ્થળે એક કેરિયલ પણ ફસાઈ ગયું હતું.



વરસાદના કારણે સરંભડાના લોકો તેમજ અહીંથી પસાર થતાં રાહદારીઓનો મુશ્કેલી પડે છે તથા હાલરીયા તેમજ વાડી વિસ્તારમાં જવામાં મુશ્કેલી પડે છે. તેથી આ મંજૂર થયેલા પુલ નવો બનાવવા લોકોએ માંગ કરી છે.

# રાજુલામાં પાનના ગલ્લા પાસે બબાલ કરતાં ઈસમો સામે કાર્યવાહી

રાજુલા, તા.૧૬

રાજુલામાં જાહેર રસ્તા પર રાહદારીઓની સુલેહ શાંતિનો ભંગ કરતાં ઈસમો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. મહેશભાઈ ઉર્ફે મયલો કેશુભાઈ ધાખડા (ઉ.વ.૨૧) તથા રામભાઈ વીરાભાઈ રામ (ઉ.વ.૨૪) ભેરાઈ રોડ પર ડો. ગોહિલના દવાખાના પાસે પાનના ગલ્લા પાસે જાહેરમાં મોટા અવાજેથી ઝઘડો કરી તેમજ એકબીજાને ઢીકાપાટુનો માર મારતા હતા. જેથી પાનના ગલ્લે તેમજ આજુબાજુમાં આવેલી કરીયાણાની દુકાનો તેમજ અન્ય દુકાનોમાં આવતા જતાં ગ્રાહકો તેમજ રસ્તે અવર-જવર કરતા રાહદારીઓની જાહેર સુલેહ શાંતિનો ભંગ થતો હતો. જેને લઈ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ દ્વારા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

# બેહતર ભારત બુનિયાદી કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લા યુવા કોંગ્રેસની મિટિંગ

અમરેલી,તા.૧૬

કોંગ્રેસ પક્ષની યુવા પાંખ યુવક કોંગ્રેસ દ્વારા બેહતર ભારત બુનિયાદી કાર્યક્રમ રાષ્ટ્રીય સ્તરે બેંગ્લોર સ્થિત થવા જઈ રહ્યો છે ત્યારે અમરેલી જિલ્લામાંથી વધુમાં વધુ યુવાનો આ કાર્યક્રમમાં ભાગ લે તેવા વિશેષ આગોતરા આયોજનના ઉપક્રમે રાજપાલસિંહ જાડેજાની આગેવાનીમાં જિલ્લા કોંગ્રેસ મધ્યસ્થ કાર્યાલય ખાતે મિટિંગ યોજાઈ હતી. જેમાં



વિશેષ માર્ગદર્શન પૂરું પાડીને મહત્તમ યુવાનોને જોડાવા હાકલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દેવરાજભાઈ બાબરીયા, પ્રમુખ મનીષભાઈ ભંડેરી, સમીરભાઈ કુરેશી, શરદભાઈ મકવાણા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૯, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: અમાસ
તા.૧૭-૦૭-૨૦૨૩, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૩, સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૧૭-૦૭-૨૦૨૩ સોમવાર

- મેષ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ શ્રેષ્ઠ રહેશે. મહેનતનાં સારા પરિણામો મળશે. આજે બાળક કંઈક એવું કરશે જેનો તમને ગર્વ થશે.
- વૃષભ: આજનો દિવસ શુભ રહેશે. સરકાર દ્વારા આજે તમારું સન્માન થવાની સંભાવના છે.
- મિથુન: આજનો દિવસ તમારા માટે વધુ આનંદદાયક છે અને તમારા હક અને સંપત્તિમાં વધારો થશે.
- કર્ક: આજનો દિવસ થોડો પડકારજનક બની શકે છે અને આજે તમને કેટલાંક કાર્યો પૂરા કરવામાં અવરોધનો સામનો કરવો પડી શકે છે.
- સિંહ:માતા-પિતાના ટેકા અને આશીર્વાદ દિવસની શરૂઆતમાં રાહત લાવશે. સાસરિયા પક્ષ તરફથી કોઈપણ બાબતે વિવાદ થવાની સંભાવના છે.
- કન્યા: આજનો દિવસ ખર્ચાનો સાબિત થઈ શકે છે. તમારે બિનજરૂરી ખર્ચાને રોકવા જોઈએ. ભવિષ્યમાં આ નાણાં ફક્ત તમારા માટે જ કામ આવશે.
- તુલા: આજે તમારી પાસે હિંમતની ભાવના રહેશે અને હિંમતભેર મુશ્કેલ કાર્યો પૂર્ણ કરશે.
- વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે. લાંબા સમયથી ચાલતા પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન થઈ શકે છે.
- ધન: આજે તમને કિંમતી ચીજોની પ્રાપ્તિની સાથે બિનજરૂરી ખર્ચાનો પણ સામનો કરવો પડી શકે છે જે તમારા બજેટમાં આવતી નથી.
- મકર: આજનો દિવસ તમારા માટે થોડો પરેશાન કરી શકે છે. કોઈ કારણોસર મન વ્યગ્ર રહેશે.
- કુંભ: આજનો દિવસ તમારા માટે ખુશીઓ લાવશે. આજે તમે સમજદારીથી નવી શોધો કરશે અને તેમાં તમને ફાયદો પણ થશે.
- મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ પરિણામનો સાબિત થશે. આજે તમારું જ્ઞાન વધશે. તમારામાં દાન અને પરોપકારની ભાવનાનો વિકાસ થશે.

# માણાવાવ ગામની સીમમાં પ્રેમલગ્નનો ખાર રાખી યુવકની પત્ની, પુત્રીનું અપહરણ

ધારી, તા.૧૬

ધારી તાલુકાના માણાવાવ ગામની સીમમાં રહેતા એક મજૂરે તેમના ગામની યુવતિ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જેનો ખાર રાખી ત્રણ ફોર વ્હીલમાં ૧૩ લોકોએ આવી યુવકની પત્ની તથા ત્રણ માસની દિકરીને ફટકારી હતી. ઉપરાંત અપહણ કરી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે મૂળ બોટાદ તાલુકાના હોળાયા ગામના અને હાલ માણાવાવ ગામની સીમમાં વાડીએ રહી મજૂરી કરતાં કેતનભાઈ જયંતીભાઈ રાઠોડ (ઉ.વ.૨૨)એ કવાભાઈ દેવાભાઈ મારૂ, ભાવેશભાઈ ઉર્ફે બાવચંદભાઈ હનુભાઈ મારૂ સહિત ૧૩ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે તેમના ગામના હનુભાઈ દેવાભાઈ મારૂ (ભરવાડ)ની દિકરી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. જેનો ખાર રાખી આરોપીઓ તથા તેની સાથે આવેલા અજાણ્યા માણસોએ ધારીયા, લાકડી, છરી જેવા હથિયારો ધારણ કરી ત્રણ ફોર વ્હીલમાં આવ્યા હતા. જ્યાં તેમની પત્નીને માર માર્યો હતો, ઉપરાંત પત્ની તથા તેમની ૩ માસની દીકરીને બળજબરીથી અટકાયત કરી તથા અપહરણ કરી લઈ ગયા હતા તથા પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમને ઢીકાપાટુનો માર માર્યો હતો. સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં દેવામાં આવી ગયેલા હીરાઘસુએ ઝેરી પાવડર પીતાં મોત

અમરેલી, તા.૧૬

અમરેલીમાં રહેતા એક રત્ન કલાકારે દેવું વધી જતાં અનાજમાં નાંખવાના ટિકડા પી લીધા હતા. જેના કારણે તેનું મોત થયું હતું. આ અંગે નવા ખીજડીયા ગામે રહેતા અને ખેતી કરતા ભુપતભાઈ વશરામભાઈ કણકએ જાહેર કર્યા મુજબ, મહેશભાઈ ભુપતભાઈ કણક (ઉ.વ.૩૫) હીરા ઘસવાનું કામ કરતો હતો અને લેણું વધી ગયું હતું. હીરામાં કામ બરાબર ચાલતું ન હોવાથી ખર્ચાઓને પહોંચી વળતો નહોતો. જેથી તેણે કંટાળીને અનાજમાં નાંખવાનો ઝેરી પાવડર પી લીધો હતો. જેના કારણે તેનું મોત થયું હતું.અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એન. કે.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે ઘટક કક્ષાનો મિલેટ્સ વાનગી હરીફાઈ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૧૬

આઈ.સી.ડી.એસ સાવરકુંડલા ખાતે ઘટક કક્ષાનો અન્ન (મિલેટ્સ) વાનગી હરીફાઈ કાર્યક્રમ યોજાયો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આઈ.સી.ડી.એસ. ઘટક સાવરકુંડલા ૧/૨ નો તાલુકા કક્ષાના મિલેટ્સ વાનગી સ્પર્ધા કાર્યક્રમમાં સાવરકુંડલા મામલતદાર ગોહિલે ખાસ હાજરી આપી હતી. ટીડીઓ પરમાર, ડૉ. મીના, સાવરકુંડલાના તાલુકા શિક્ષણ અધિકારી ભાવેશભાઈ,



તાલુકા પંચાયતના પ્રમુખ લલિતભાઈ બાળધા, વજયભાઈ ચાવડા, નાયબ મામલતદાર લેઉવા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી જીગ્નેશભાઈ વાઘાણી અને રફિકભાઈ જાદવે ખાસ હાજરી આપી હતી. આ પ્રસંગે સાવરકુંડલા ઘટક એકના સી.ડી.પી.ઓ દક્ષાબેન ભટ્ટ દ્વારા તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



કાર, બાઈક, ટ્રેક્ટર, સનેડો / મીની ટ્રેક્ટર, ટ્રોલી, ટ્રક, છોટાહાથી, બોલેરો, બસ તમામ વાહન માટેના
ટાયર - ટ્યુબ, બેટરી, ઓઈલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ - ધરા, જેક - ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
TVS TYRES · YOKOHAMA · CEAT · Veedol · BOSCH · HP · MRF · JK TYRE · MICHELIN · Castrol · TAPARIA
સંજય ટાયર્સ — દુ.નં.૧૪-૧૫-૧૬, બ્રાહ્મણ બોર્ડિંગ, અજમેરા સ્કૂલ સામે, બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક — સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શોરૂમ પાસે, અમરેલી

**તંત્રી સ્થાનેથી**

# માઈક્રો સર્જરી હવે ચમત્કાર સર્જે છે

આધુનિક મેડિકલ સાયન્સ હવે ચમત્કાર સર્જે છે. ઈઝરાયેલના ડોક્ટરોએ એક યુવકના કપાયેલા માથાને ફરી વખત જોડીને તે યુવકને નવું જીવન આપ્યું. વિશ્વની આ પહેલી ઘટના છે કે જેની અંદર માઈક્રો સર્જરીથી આ ચમત્કાર કરવામાં આવ્યો છે. આ એક અદ્વિતીય મેડિકલ સિદ્ધિ ગણી શકાય તેવો કિસ્સો છે. ઈઝરાયેલના હદાશાહ મેડિકલ સેન્ટર ખાતે સર્જનોએ એક ગંભીર અકસ્માત પછી જેનું માથું કપાયેલું છે તેવા ૧૨ વર્ષના કિશોરના માથાને તેના ધડ પર પાછું જોડી દીધું અને તે કિશોરને ફરી વખત જીવતો કરાયો છે. આ એક અદભુત મેડિકલ સિદ્ધિ છે. વેસ્ટ બેંકમાંથી પેલેસ્ટિનીયન કિશોર જ્યારે સાયકલ ચલાવતો હતો ત્યારે તેનો અકસ્માત થયો. કાર સાથે સાયકલ અથડાઈ અને તેનું માથું કપાઈ ગયું આ વખતે તેને હોસ્પિટલમાં કપાયેલા માથા સાથે શિફ્ટ કરાયો. માથું સાવ કપાઈ ગયેલું નહોતું પણ તેને સંભાળપૂર્વક બાય લેટરલ એટલેન્ટો ઓસીપીટલ જોઈન્ટ ડીશ લોકેશનનું નિદાન કરવામાં આવ્યું પછી કિશોરને ટોરેન્ટોમાં તાલીમ દરમિયાન આવા પ્રકારનો અગાઉનો અનુભવ ધરાવતા ઓર્થોપેડિક વિશેષજ્ઞ ડોક્ટર પોહાડ ઈન યોની નામના ડોક્ટરની આગેવાની નીચે ગ્રાઉન્ડ બ્રેકિંગ ઓપરેશન હાથ ધરાયું અને કિશોરની મેડિકલ સર્જરી હાથ ધરવામાં આવી. આ ઓપરેશન સફળતાપૂર્વક પાર થયું અને આજે આ યુવક જીવતો છે અને મેડિકલ ઓબ્ઝર્વેશન નીચે છે. વિશ્વની આ પહેલી ઘટના છે કે કોઈપણ વ્યક્તિના કપાયેલા માથાને ફરી વખત જોડવામાં આવ્યું હોય. આ માઈક્રો સર્જરીમાં તેના કરોડરજ્જુના જોઈન્ટને ફરી વખત જોડવામાં ડોક્ટરોને કલાકો સુધી મહેનત કરવી પડી હતી. જો કે કરોડરજ્જુની વચ્ચે આવેલા જ્ઞાનતંતુઓ સાબૂત હોવાથી આ મણકાને જોડી શકાય છે. ત્યારબાદ તેની શ્વાસનળી અને અન્નનળીને જોડીને બહારની ચામડીથી પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવી. મેડિકલ સાયન્સનો આ એક અદભુત કિસ્સો છે. વિશ્વની આ પહેલી ઘટના છે કે આ રીતે સફળતાપૂર્વકની સર્જરી પ્રથમ વખત કરવામાં આવી છે. સુરતની હોસ્પિટલમાં હવે કપાયેલા હાથને ફરી વખત છોડવાની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક કરવામાં આવે છે મતલબ કે અકસ્માતની અંદર કોઈના હાથ કે પગ કપાય તો તેને ફરી વખત જોડવાની સફળ શસ્ત્ર ક્રિયા ગુજરાતમાં પણ હવે થઈ શકે છે.

# નાના મોટા શહેરોનો સમતોલ વિકાસ આજે સૌથી વધુ જરૂરી છે




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આપણા શહેરો ઝડપથી વિકસી રહ્યા છે નાના નગરો મોટા શહેરમાં પરિવર્તન પામી રહ્યા છે. આ શહેરોમાં બહુમાળી ઈમારતો માથું ઊંચકી રહી છે બીજી બાજુ વસ્તી વધતી જાય છે પણ રાજમાર્ગો એના એ જ રહે છે પરિણામે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાય છે અને પરિવહનની સમસ્યાઓ પર વધતી જાય છે ત્યારે મહાનગરોના જબરજસ્ત વિકાસ કરતા નાના નાના નગરોમાં સુખ સુવિધા વધારી શકાય છે. તેમજ નાના શહેરોનો વહીવટ પણ સહેલાઈથી થઈ શકે છે. પરિવહનના પ્રશ્નો પણ નાના શહેરોમાં હોતા નથી તાલુકા કક્ષાના શહેરોને વધુ સુવિધા પૂર્ણ સહેલાઈથી બનાવી શકાય તેમ છે. ભારતમાં જેટલા લોકો શહેરોમાં નથી રહેતા એના કરતા વધુ લોકો ગામડામાં રહે છે આથી આપણા ગામડાઓને સુવિધા પૂર્ણ બનાવી શકાય તેમ છે.ગામડાઓનો ગ્રોથ સેન્ટર તરીકે વિકાસ કરવો પણ એટલો જ જરૂરી છે.


ગાંધીનગરમાં મળેલી મેયરોની એક પરિષદમાં શહેરોને તો સુવિધા પૂર્ણ અને ઈકો ફ્રેન્ડલી બનાવવા માટેના મુદ્દા થયા હતા.આજે નગરપાલિકાના મેયરો અને પદાધિકારીઓ તેમના પક્ષના અને શહેરના આંતરિક રાજકારણમાંથી જ બહાર આવતા નથી અને શહેરીકરણના વ્યાપક મુદ્દાઓ અને સમસ્યાઓ અંગે બહુ ગંભીરતાથી વિચારી શકતા નથી. ભાગ્યે જ કોઈ મેયર શહેરીકરણને અંગે અને પોતાના શહેરના વિકાસ અંગે કોઈ ચોક્કસ વિઝન કે વ્યાપક દ્રષ્ટિકોણ ધરાવતાં હોય છે. ભવિષ્યમાં ભારતનો વિકાસ શહેરો આધારિત બની રહેશે. મતલબ કે શહેરો જેટલા વિકસિત થશે તેટલા પ્રમાણમાં ભારત વિકસિત બનશે, મતલબ કે ભારતનો વિકાસ શહેરીકરણના વિકાસ સાથે સંકળાયેલો છે. વિશ્વના ૯૦ જેટલા મહાનગરના મેયરો ગુજરાતના ગૌરવ રૂપ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવ્યા હતા . જેમાં શહેરોના ભાવિ વિકાસની રૂપરેખા ઘડવામાં આવી હતી. એ છ મુદ્દા મહત્વના છે. આજના શહેરોના અનેક પ્રશ્નો છે ખાસ કરીને શહેરની જાહેર પરિવહન સેવા, રખડતા ઢોરની સમસ્યા જેવા પ્રશ્નો મુખ્ય છે. માત્ર ડિમોલિશન નહિ પણ નવા પ્રોજેક્ટો અને રીકન્ટ્રક્શન પણ એટલા જ જરૂરી છે.મંદ ગતિએ ચાલતા પ્રોજેક્ટો જલ્દી પુરા થાય તો પ્રજાને રાહત થાય.આ બાબત અતિ જરૂરી છે. આ ઉપરાંત બીજા અનેક પ્રશ્નો હોય છે જેનો હલ મેયર કે પછી પદાધિકારીઓ સક્ષમ અધિકારી સાથે સંકલન કરી લાવી શકે.

વિશ્વના ૯૦ જેટલા શહેરોના મેયરો ગત સપ્તાહે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આવી ગયા. જી-૨૦ની અધ્યક્ષતા કરી રહેલા ભારતમાં આ જૂથના દેશોની વિવિધ વિષયો અંગે દેશભરમાં જુદાં-જુદાં સ્થળોએ બેઠકો યોજાઈ ગઈ છે. શહેરીકરણની સમસ્યાની વિચારણા માટે જી-૨૦ સમૂહના દેશોની યુ-૨૦ શીર્ષક હેઠળની બે દિવસની બેઠક ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ગત સપ્તાહે યોજાઈ હતી. આ બેઠકમાં શહેરીકરણ વિષેનાં અનેક પાસાંઓની વિસ્તૃત વિચારણા થઈ અને બેઠકને અંતે છ મુદ્દાના ચાર્ટરનો સ્વીકાર કરવામાં આવ્યો. એ ચાર્ટરને જી-૨૦ દેશોની શિખર પરિષદમાં રજૂ કરવામાં આવશે. આ બેઠકમાં ૪૩૦થી વધુ દેશી-વિદેશી પ્રતિનિધિઓએ હાજર રહીને શહેરીકરણ અંગે વિચારવિમર્શ કર્યો હતો. તેમાં વિશ્વનાં ૯૦થી વધુ શહેરોના મેયર અને ૭૦થી વધુ સંગઠનોએ ભાગ લીધો હતો. બેઠકમાં જે છ મુદ્દાઓ નિર્ધારિત કરવામાં આવ્યા છે. તેમાં પર્યાવરણને અનુકૂળ વ્યવહારને પ્રોત્સાહન આપવું, મતલબ કે શહેરનો વિકાસ સસ્ટેનેબલ હોવો જોઈએ.તે વાત પર ભાર મુકાયો હતો. જલ સુરક્ષાને સુનિશ્ચિત કરવી, જલવાયુ સંબંધી પડકારોને પહોંચી વળવા માટે અલગ રીતે જલવાયુ ભંડોળની જોગવાઈ કરવી, દરેક શહેરની આગવી પરમ્પરા હોય છે.યુ-૨૦ની અમદાવાદની બેઠક પછી આ વાત વધુ સ્પષ્ટતાથી ગુજરાત મેયરો સમજી શક્યા હશે. જી-૨૦ના અધ્યક્ષપદને કારણે ભારતને આવી વિચારણાની તક મળી છે તેનો લાભ લઈને વિવિધ શહેરના મેયરોએ પોતાની સજ્જતા વિશે વિચારવું જોઈએ. અત્યારે તો ઘણી વખત શહેરના મેયરને પોતાના મહાનગરની ભૂગોળનો પણ પૂરતો ખ્યાલ હોતો નથી. તેમજ તેની જનસંખ્યાના વૈવિધ્ય વિશે પણ બહુ પરિચય રહેતો નથી. એક મેયરનું કામ શહેરની વ્યવસ્થા સંભાળવામાં કેટલું મહત્ત્વનું છે તે સમજવું જોઈએ.

યુ-૨૦ની બેઠકમાં શહેરના અર્થતંત્રના આયોજનનો પણ વિચાર થયો છે. શહેરના વિકાસનું બજેટ તૈયાર કરતી વખતે તેનો ખ્યાલ રહેવો જોઈએ. હવે શહેરોનાં મ્યુનિસિપલ કોર્પોરેશનોના બજેટ પણ જંગી બનવા લાગ્યા છે. વિકાસ ઈકો ફ્રેન્ડલી હોવો જોઈએ.સસ્ટેનેબલ ડેવલપમેન્ટ આજના યુગની માંગ છે. હાલના અને માજી મેયરોએ શહેરના વિકાસ અંગે વિચારવી જોઈએ . માત્ર વિવિધ સમારંભોમાં શોભાની અભિવૃદ્ધિ કરવા પૂરતું જ મેયરનું કાર્ય નથી. મોટા શહેરો કરતા નાના નગરોના પ્રશ્નો પણ ઓછા હોય છે નગર નાનું હોવાથી જાહેર પરિવહન સેવાની પણ જરૂર રહેતી નથી લોકો એકસાથે સાઈકલ દ્વારા પણ એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકે છે મતલબ કે પરિવહન ખર્ચ પણ નાના શહેરમાં ઓછો આવે છે નાના શહેરોની પાણીની જરૂરિયાત ઓછી હોય પાણી પુરવઠો સહેલાઈથી પૂરો પાડી શકાય છે વિકાસના કામો પણ સહેલાઈથી ઓછા સમયમાં થઈ શકે છે કે હવે જુદા જુદા દેશોમાં મહાનગરો કરતા નાના નાના શહેરોને વિકસિત કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવી જ રીતે તાલુકા કક્ષાના શહેરો અને મોટા ગામડાઓને વિકાસના સેન્ટર બનાવવાના આયોજન પણ ભવિષ્યમાં હાથ ધરાશે.

**શહેરો જેટલા વિકસિત થશે તેટલા પ્રમાણમાં ભારત વિકસિત બનશે, મતલબ કે ભારતનો વિકાસ શહેરીકરણના વિકાસ સાથે સંકળાયેલો રહેવાનો છે. સાથો સાથ મોટા ગામડાઓ ગ્રોથ સેન્ટર બને તે જરૂરી છે.**

# ક્ષણનો સાક્ષાત્કાર અને સંસ્કારની શ્રીમંતાઈ




**મનન ચિંતન**



**ભરત બાવીશી**

નિષ્ફળતા જરૂર શીખવે છે પણ આ શીખ કેટલી મોંઘી પડે છે એ અનુભવે સમજાય. આપણે ઘણીવાર એવું સાંભળતા હોઈએ છીએ કે નિષ્ફળતા એ સફળતાની ચાવી છે પણ એ નિષ્ફળતાના પ્રમાણમાપ પર આધાર રાખે છે. એની પાછળનું કારણ માણસની સાહસ કરવાની તીવ્રતા પર નિર્ભર છે. માણસના ગજા બહારના સાહસ બાદ મળેલી નિષ્ફળતા કમરતોડ હોય છે અને આ નિષ્ફળતા બાદ મળતી શીખ પોતાના માટે નકામી હોય છે. કારણ કે પછી તો આમેય સાહસ કરવાની ત્રેવડ રહેતી નથી. આમ છતાં અન્ય માટે બોધરૂપ હોય છે. "જાગ્યા ત્યાંથી સવાર" એ કહેવત સાચી પણ જો પહેલા પાછું વળીને જોયું હોય તો જ, અન્યથા જાગ્યા ત્યારે અંધકાર જેવું લાગે.

ધનપાલ શેઠનો કારોબાર મધ્યમ રીતે ચાલતો હતો. ખાધે-પીધે સુખી અને સજ્જનની છાપ ધરાવતા શેઠ લોકોની નજરમાં ચતુર અને ડાહ્યા ગણાતા પણ "સંગ તેવો રંગ" કહેવત મુજબ જાણતા અજાણતા અણધાર્યા સાહસમાં એવા રંગાઈ ગયા કે અભિમન્યુની જેમ જોમ અને જુસ્સામાં સાહસના સાત કોઠા એક પછી એક વીંધતા ગયા અને પાછા વળવાનું યાદ આવ્યું ત્યાં તો ચારેબાજુથી ઘેરાઈ ગયા હતા. સપડાય ગયાનું ભાન થયું ત્યારે ખ્યાલ આવ્યો કે હવે બહાર નીકળવું અઘરું જ નહીં પણ અશક્ય છે. ધારેલું બધું ઊંધું પડ્યું. બીજાના હાથમાં આંધળા વિશ્વાસે સોંપેલાં વેપારમાં મોટી ખોટ ગઈ. અંતે કરેલી કલ્પનાઓ અને જીજીવિષાનો વધ થાય છે. મહાભારતના યુદ્ધમાં અભિમન્યુનું ઉદાહરણ એક ઐતિહાસિક ઘટના તરીકે માત્ર વાંચ્યા કે સાંભળ્યા બાદ કળયુગના સમયમાં સમજવાનો કે અનુભવવાનો સમય આવે ત્યારે સમજાય કે માણસની સમજણ પર જ્યારે દુ:સાહસનો દળ ચડી જાય છે ત્યારે મહેનત કર્યા પછી મળતી નિષ્ફળતા કરતા ગજા બહારના કરેલા દુ:સાહસ બાદ મળેલી નિષ્ફળતા ખૂબ વરવી અને કડવી લાગે છે. શેઠ પાસે તો કારોબાર ચાલે એટલી જ સંપત્તિ હતી પણ સારી શાખને લીધે સંપત્તિ કરતા વધુ ધિરાણ મળ્યું. સાહસ વૃત્તિ એટલી હદે વધી ગઈ કે એ પોતે લીધેલા ધીરાણમાંથી જાતે ધંધો કરવાના બદલે અંગત હાથોમાં લગામ સોંપી. પછી તો સારથીની અણ આવડત કે પછી નિજી સ્વાર્થ માટેની ખોટી દિશા પકડાવાના કારણે અંધારામાં રાખી ફસાવી દેવામાં આવ્યા હોય. અને પરિણામ એવું આવ્યું કે પારકી થાપણ અને સોજાનું લોહી લાંબો સમય રહેતા નથી. પારકી થાપણ નંદવાઈ જાય તો પણ સજ્જન માણસે બોજો તો ઉપાડવો જ પડે. સોજાનું લોહી ઉતરી જાય પછી જોનારને સૌને વ્યક્તિનો ઓરિજિનલ આકાર દેખાય પણ ખુદને તો નિરાકાર જ દેખાય. ઊંડી ખાઈમાં ઉતરી ગયા પછી પસ્તાવાની પરાકાષ્ટાએ પહોંચી જવાય છે ત્યાંથી ફરી કાંઠે આવવા હાવલા મારતા મારતા અંતે થાકીને ક્ષણભર થંભી જવાય છે. પછી કાં તો હંમેશના માટે ચિત શાંત થઈ જાય કાં તો તમામ પ્રકારના ડર દૂર થઈ જાય અને ફરી ઉપર ચડવા પ્રયત્નો થાય ત્યારે કંઈક અલૌકિક શક્તિનો સંચાર થાય અને તળિયેથી તો નીચે હવે કશું નથી, ચડાશે તો ઉપર જશું નહિતર સાવ ઉપર જઈશું એવી હૈયામાં હામ આવે છે. આ સ્થિતિએ દુનિયાદારી સાવ ફિક્કી લાગે. માણસ એનો એ જ પણ સ્થિતિ બદલાય જાય એટલે મુસ્કાન સુકાઈ જાય છતાં ફકીરીમાં પણ જેના વિચાર, વાણી અને વર્તનમાં કોઈ જ ફેરફારના થાય તો જ સાચી માણસાઈ. ભલે સ્થળ બદલે, સમય બદલે, સગવડ બદલે, સ્થિતિ બદલે પણ તોય એ જ અંદાજ, એ જ સિદ્ધાંત, એ જ જબાન અને એ જ જજબાત, એ જ સાચી સંસ્કારની શ્રીમંતાઈ. ખાધુંપીધુ ને રાજ કર્યું. વાર્તા પૂરી, વાત પૂરી, જીવીશું તો જીરવશું અને જીરવી જઈશું તો જીવી જઈશું. ક્યારેક એક પળભર માટે જીવન કલ્પના બની જાય. ક્યારેક કલ્પનાઓ જીવન જીવાડી જાય. ક્ષણનો સાક્ષાત્કાર છે. મહેલમાં રહેનાર હોય કે મજૂર હોય અંતે તો માટીનો માણસ છે એક દિવસ માટીમાં જ સમાવાનો છે. માણસ ખતમ થઈ જાય છે પણ માણસાઈ અમર રહે છે. સમજાય તેને વંદન અને ના સમજાય તેને અભિનંદન!

**શ્રમિકનો દીકરો બન્યો આઈ.પી.એસ**

# "માતા પિતા, ભગવાન વૃધ્ધાશ્રમમાં નહિ મન મંદિરમાં શોભે"



**ઝાકળનું એક બિંદુ**



**હિરેન હિરપરા**

કહેવત છે. સંતાનોના સપના સાકાર કરવા માટે માતા પિતા પેટે પાટા બાંધીને પણ સંતાનોને ખુશી આપતા હોય છે. પોતાના સપનાઓ રોળીને પણ સંતાનોના શમણા સજાવતા હોય છે. ભલે ગરીબી હોય, રાતના ઉજાગરા થતા હોય, કાળમીંઢ પથ્થરને ફાડી નાખે તેવી કાળી મજૂરી કરવી પડતી હોય આમ છતા માં-બાપ પોતાના સંતાનોને ખુશ રાખતા હોય છે. એ અપેક્ષાએ ખુશ રાખતા હોય છે કે કાલે સંતાનો મોટો થશે અને સુખનો સૂરજ ઉગશે આપણી પાછલી જીંદગી સુખેથી વિતાવીશુ પણ આજની યુવા પેઢીના માવતર આજે વૃધ્ધાશ્રમમાં આશરો લઈ રહ્યા છે. આવા અનેક કિસ્સાઓ બનતા હોય છે. પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણના હિસાબે સંયુક્ત પરિવારની પ્રથાઓ તુટતી હોય છે. આજે વૃધ્ધાશ્રમમાં કહેવાતી સુધરેલી પેઢીના માવતર આશરો મળવે છે. રાત-દિવસ મંજુરી કરનાર પોતાના માવતરને સાચવી લે છે, એ એમની આબરૂ છે. મોટા કરનાર જનેતા માટે જગ્યા નથી. કયાં જઈને અટકશે આ સમાજ? તુટતી સમાજ વ્યવસ્થા માટે જવાબદાર કોણ? રાજસ્થાનના બિકાનેર જિલ્લાના નોખા તાલુકાના રાસીસર ગામના એક શ્રમિક પરિવારમાં નાના મોટા થઈને ૨૬ વ્યક્તિઓ હતા. શ્રમિક પરિવારમાં ભલે ખોરડુ તુટેલુ હોય પણ સંપ અને આશાઓ જબરી હતી. રાસીસર ગામમાં રામધન ડેલુનો પરિવાર રહે, રામધન ડેલુ પરિવારના ગુજરાન માટે ઢોર-ઢાંખર રાખતા અને ઉંટગાડીમાં પાણીના કેરબા મૂકીને ફેરા મારતા અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પોતાના પત્ની બુગીદેવી સવારથી સાંજ સુધી પશુઓનો ચારો લાવવો, પશુઓને ચારો નાખવો, પાણી આપવુ, દોહવા અને વાસીદુ કરવુ જેવા કામોમાં વ્યસ્ત રહેતા હતા. રામધન ડેલુને ચાર સંતાનો હતા. રામધન ડેલુ અને માતા બુગીદેવીને ત્યાં તા.૩ એપ્રિલ ૧૯૮૮ ના રોજ દીકરાનો જન્મ થયો જેનુ નામ પ્રેમસુખ ડેલુ. બાલ્ય અવસ્થામાં ગામની પ્રાથમિક શાળામાં પિતાએ નામ દાખલ કરાવ્યુ, શાળાએથી છુટયા પછી તરત જ લાકડી લઈને ઢોર ચરાવવા જવાનું એવામાં હું કેટલુ ભણીશ એ જ પ્રેમસુખ ડેલુ સામે પ્રશ્ન હતો? પરંતુ પરિવારની આર્થિક પછેડીના બે છેડા ભેગા નથી થતા એ પણ પ્રેમસુખને ખબર હતી. મજૂરી કરવા કરતા ભણતા-ભણતા પરિવારને ઉપયોગી થઈને ભણતર ચાલુ રાખવુ આથી ઢોર ચરાવતા હાથમાં ચોપડી રાખીને વાંચતા. રાસીસર સરકારી શાળામાં અભ્યાસ દરમ્યાન જિલ્લા કક્ષાએ વિજ્ઞાન મેળો યોજાવાનો હતો. તેમા અમારી શાળા ભાગ લેવાની હતી. શિક્ષકોનું માર્ગદર્શન અને મારી તાલાવેલીથી આ વિજ્ઞાન મેળામાં સોલાર રિફલેકશનથી ખેતરની રક્ષા કરતા ખેતરમાં ચાડીયો બનાવ્યો. આ મોડેલને પ્રથમ સ્થાન મળ્યુ અને ખુબ આનંદ થયો. ધો-૧૦ સુધીનો અભ્યાસ મારા વતન રાસીસર ગામમાં જ થયો. આગળના અભ્યાસ માટે બહારગામ જવુ પડે. પિતા મજૂરી કરે, માતા ઢોર-ઢાંખર અને પશુપાલનમાં ધ્યાન આપે છતાં ગરીબી હટવાનું નામ લેવા તૈયાર ન હતી, આમ છતાં પિતા રામધન ડેલુની ઈચ્છા હતી ભલે કાળી મેઘલી રાતો જવાનું નામ નથી લેતી પણ ભુખ્યા રહીને પણ દીકરાને ભણાવવો છે.

પ્રેમસુખ ડેલુ આગળના અભ્યાસ માટે બિકાનેર આવે છે. હોટેલનો રૂમ પરવડે નહિ કે હોટેલનું ભોજન પણ પોસાય નહિ આથી બિકાનેરમાં નાનકડી ઓરડી ભાડે રાખીને જાતે પેટની ભૂખ ઠારવા ભોજન બનાવી લેતા. એ સમય દરમ્યાન હોશિયાર વિદ્યાર્થીઓ માટે પ્રતિભા શોધની સ્કોલરશીપ ૨૦૦ રૂપિયા મળતી હતી. જેનાથી ૫ હજાર જેવડી રાહત રહેતી. બિકાનેરમાં સ્કૂલ દુર હતી એટલે ચાલતા જવાનું. થાકી જવાય પણ હિમ્મત કેમ હારવી, મોટાભાઈ પાસે સાયકલ હતી પરંતુ વારંવાર ચેન ખડી જતી એટલે સાવ નકામાં જેવી હતી જો રીપેરીંગમાં વધારે રૂપિયા જાય તો પાછુ હેરાન થઈ જવાય. પરંતુ અમારા પરિવારની કસોટી કરીને ભગવાન પણ થાકી ગયો હોય તેમ હવે પરિવાર માટે સોનાનો સુરજ ઉગ્યો. હું કોલેજમાં આવ્યો તે દરમ્યાન મારા મોટાભાઈ શિશપાલને પોલીસ કોન્સ્ટેબલ નોકરી મળી ગઈ મોટાભાઈની નોકરી મળતા મને ખુબ જ આનંદ થયો. પરિવાર માટે દુ:ખનો ડુંગર હટશે, મારા સપનાઓ સાકાર થશે. ભાઈના પગારમાંથી મને પૈસા મળતા થયા એટલે મારો આગળનો અભ્યાસ શરૂ રહ્યો.

૨૦૦૯માં બિકાનેરમાં પ્રેમસુખ ડેલુ ગ્રેજયુએટ થયા એ પછી ૨૦૧૦માં બી.એડ. અને ૨૦૧૨માં ગોલ્ડમેડલ સાથે એમ.એ.ની ડીગ્રી મેળવી હતી. એમ.એ. થયા પછી ગ્રામ સેવકની નોકરી કરી. બી.એડની ડિગ્રીના આધારે પ્રાથમિક શાળામાં શિક્ષકની નોકરી મેળવી અને સિનિયર ટીચર તરીકે ત્રણ વર્ષ નોકરી કરી. ઉપરાંત કોલેજમાં લેકચર બનવાની પણ તક મળી હતી. સબ જેલર અને સબ ઈન્સ્પેકટર તરીકેના ઓર્ડર મળ્યા હતા. પરંતુ સપનું ઉંચુ હતું. ભલે ગરીબ હોય એ પણ નૈતિકતા અને ઈમાનદારીની લગન સાથે ચોક્કસ ધ્યેયને ધ્યાનમાં રાખીને આગળ વધો તો ચોક્કસ ઈશ્વર પરિણામ આપતો હોય છે. આ સમય દરમ્યાન રાજસ્થાન સરકારમાં પરીક્ષા પાસ કરીને અજમેરમાં મામલતદાર તરીકે જવાબદારી સંભાળી. રાજસ્થાન પ્રશાસનિક સર્વિસીસની પરીક્ષા ૪૪મા ક્રમે પાસ કરીને મામલતદાર બન્યા સાથે યુ.પી.એસ.સી.ની પણ તૈયારી શરૂ કરી.

પ્રેમસુખ ડેલુ કહે છે, ગરીબ માતા-પિતાના હોશિયાર સંતાનોએ પોતાના માતા-પિતાના સપના સાકાર કરવા માટે એક મિનિટનો સમય બગાડવાનો અધિકાર નથી. સમર્પિત ભાવથી કામ કરવાની તાલાવેલી હોય તો સફળતા જરૂર મળે છે, અને એ થઈ રહ્યુ વર્ષ ૨૦૧૫માં ૧૭૦માં સ્થાને ઉપર યુ.પી.એસ.સી પાસ કરીને શ્રમિકનો દીકરો આઈ.પી.એસ બન્યો. જે પિતા ઉંટગાડી ચલાવતા હોય અને માતા પશુ ચરાવતી હોય, પશુ સાચવતા હોય એ ગરીબ પરિવારનો દીકરો જયારે આઈ.પી.એસ બને ત્યારે ખુશીનો પાર રહ્યો નહિ.

પ્રેમસુખ ડેલુ વટ સાથે કહે છે, હું ૨૦૧૫માં આઈ.પી.એસ બન્યો ત્યાં સુધી સાદો નોકીયા મોબાઈલ રાખતો હતો. છતા મને મારી જાત ઉપર કયારેય શરમ કે સંકોચ થયા નથી. આજે જયારે યુવા પેઢી સ્માર્ટ ફોન અને ઈન્ટરનેટના રવાડે ચડીને વણજોઈતું બધુ મેળવી રહી છે. જેના હિસાબે યુવાધન ખોટો સમય બગાડી રહ્યુ છે. ઉપરાંત અયોગ્ય ઉપયોગના હિસાબે પારિવારીક સમસ્યાઓના બનાવોમાં સતત વધારો થતો જાય છે.

યુવા પેઢીએ પોતાના નોલેજ પુરતો જ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરવો જોઈએ. સ્માર્ટ ફોન ભવિષ્યમાં આફત નોતરતું સાધન બની રહેશે. યુવાનોએ અભ્યાસ સાથે ધંધા વ્યવસાયમાં પૂરા સમર્પણ અને સંકલ્પ સાથે કામ કરવુ પડશે. અઘરૂ અને અશકય કશુ જ નથી. પરિણામ મેળવવા ટુંકા રસ્તા નહિ પણ પરિશ્રમ જરૂરી છે.

આઈ.પી.એસ તરીકે સિલેકટ થયા પછી હૈદરાબાદમાં તાલીમ પુરી કરીને ગુજરાત રાજયમાં પ્રોબેશનલ બેઝ અને ત્યાર પછી અમરેલી, અમદાવાદ અને જામનગર ખાતે સેવાઓ બજાવી રહ્યા છે. ભલ-ભલા ચમરબંધીઓને કાયદાનું ભાન કરાવનાર ડી.એસ.પી. પ્રેમસુખ ડેલુ આજે ગૌરવ સાથે કહે છે, ભલે પિતા શ્રમિક રહ્યા, ભલે માતા અભણ હતા પણ તેના સંસ્કાર અને પરસેવાની મહેનત મને કામ કરવાની ઉર્જા આપે છે. આજે હું જે છું તેમારા માતા-પિતા અને પરિવારના હિસાબે છું. નવી પેઢી પોતાના માતા-પિતા સાથે ફોટો પડાવવામાં શરમ અનુભવે છે. શું તમારા પરિવારના આ સંસ્કાર ખરા? દોસ્તો તમારી જાતે પૂછજો, માતા-પિતા વૃધ્ધાશ્રમમાં નહી પણ તમારા મનના મંદિરમાં હોવા જોઈએ જેમણે તમને દુનિયાના દર્શન કરાવ્યા, સંતાન તરીકે ઉછેરી મોટા કર્યા તે મા-બાપના ઋણમાંથી કયારેય મુક્ત થઈ શકાતુ નથી. દોસ્તો તમારા માતા-પિતા સાથેનો એકાદ ફોટો પ્રેમસુખ ડેલુ સાહેબને મોકલજો હો....૯૯૨૯૬૪૨૯૨૯


**-:તિખારો:-**

**તમારા ખોટા શોખ, ટૂંકી પ્રગતિ, રસ્તા અને ખોટી વાહ-વાહિ પ્રાપ્ત કરવામાં અને મેડલ સન્માનપત્ર, પદની લાલચમાં આત્મ સન્માન અને પરિવારની આબરૂને લાંછન ના લગાડતા. એ ફરી ક્યારેય નહી મળે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો




**સોયાબીન આંતરપાક તરીકેઃ-**

સોયાબીન મુખ્યત્વે કપાસ, બાજરી, તુવેર, હા. જુવાર, દિવેલા સાથે આંતરપાક તરીકે અનુકૂળ છે, જેનાથી કુદરતી જોખમ ઘટે છે અને હેકટર દીઠ વધુ આવક મળે છે.

૧) કપાસ + સોયાબીન (૨:૨ હાર) : કપાસમાં ૧૮૦ સે.મી.ના અંતરે વાવેલ બે હાર વચ્ચે સોયાબીનની બે હારનું વાવેતર ફાયદાકારક માલુમ પડેલ છે.

૨) બાજરી + સોયાબીન (૧:૧/૧:૨ હાર) : બાજરીના વાવેતર કરતા ખેડૂતોએ ૬૦ સે.મી.ના અંતરે વાવેલ બાજરીની બે હાર વચ્ચે એક હાર સોયાબીન અને ૯૦ સે.મી.નાં અંતરે વાવેલ બાજરીની બે હાર વચ્ચે સોયાબીનની બે હારનું વાવેતર ફાયદાકારક માલુમ પડેલ છે.૩) તુવેર + સોયાબીન (૧:૧/૧:૨ હાર) : સાઈઠ સે.મી.ના અંતરે તુવેર પાકમાં એક હાર સોયાબીન તેમજ ૯૦ સે.મી ના અંતરે તુવેરના પાકમાં બે હાર સોયાબીનની વાવણી કરવી ફાયદાકારક છે.

૪) હા. જુવાર + સોયાબીન (૧:૧/૧:૨ હાર) : ૬૦ સે.મી.ના અંતરે વાવેલ હા. જુવારની બે હાર વચ્ચે એક હાર સોયાબીનની તેમજ ૯૦ સે.મી.ના અંતરે વાવેલ હા. જુવારની બે હાર વચ્ચે બે હાર સોયાબીનનું વાવેતર કરવું ફાયદાકારક છે.

૫) દિવેલા + સોયાબીન (૧:૧/૧:૨ હાર) : ૯૦ સે.મી.ના અંતરે વાવેલ દિવેલાના પાકમાં એક હાર સોયાબીનનું વાવેતર નફાકારક માલુમ પડેલ છે.

સોયાબીનમાં લશ્કરી ઈયળ/સેમી લુપરના નિયંત્રણ માટે પ્રકાશ પીંજરનો ઉપયોગ કરવો. ફેરમન ટ્રેપ ૮ થી ૧૦ પ્રતિ હેકટર ગોઠવવા.કવીનાલફોસ ૧.૫ ભુકીનો હેકટરે ૨૦ થી ૨૫ કિ/હે પ્રમાણે છંટકાવ કરવો. કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા કવીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૬ મિ.લિ. પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**જુદા જુદા પાકમાં ફાયટોપ્લાઝમાથી થતા રોગ**

ફૂગ, બેકટેરીયા, વિષાણુ અને કૃમિની જેમ ફાયટોપ્લાઝમા નામના સુક્ષ્મ રોગકારકો દ્વારા કેટલાક રોગ થતા હોય છે. ખાસ કરીને રીંગણી, શેરડી, તલ, વરિયાળી અને ખારેકના પાકમાં ફાયટોપ્લાઝમાથી થતા રોગ નોંધાયેલ છે.

રીંગણીમાં ફાયટોપ્લાઝમાથી લઘુપણું (ગડ઼ીયા પાન)નો રોગ થાય છે. આ રોગમાં પાન નાના કદના અને ઝૂમખામાં જોવા મળે છે. છોડની વૃધ્ધિ અટકી જતા છોડ ઠીંગણા રહે છે. આ રોગ જો ફૂલ અવસ્થા પહેલા આવે તો પર્ણ

**ડો.જી.આર. ગોહિલ, કૃષિ યુનિવર્સીટી જુનાગઢ**

ગૂચ્છા સ્વરૂપે દેખાય છે. રોગિષ્ટ છોડમાં એકપણ ફૂલ બેસતું નથી. જો રોગ પાછલી અવસ્થામાં આવે તો છોડ પર થોડા ફળ બેસે તે કદરૂપા અને કઠણ હોય છે. તલના પાકમાં પણ ફાયટોપ્લાઝમાથી થતા ગૂચ્છપર્ણ (ફાયલોડી)ના રોગમાં પાન કિનારીએથી નીચેની બાજુએ વળી જઈ કોકડાઈ જાય છે. આવા પાન જાડા બને છે. ફૂલ બેસવાના સમયે ફૂલની જગ્યાએ નાના-નાના પાનનો વિકૃત ગૂચ્છ બને છે. જેને કારણે શિંગો બેસતી નથી. શેરડીમાં ફાયટોપ્લાઝમાથી ઘાસિયા જડા નામનો રોગ થાય છે. આ રોગમાં રોગિષ્ટ છોડની વધ અટકે છે તેથી ઢીંગણા રહે છે. ઘણીવાર આવા છોડમાં ૫૦ થી ૬૦ ની સંખ્યામાં ફૂટ આવે છે તેથી છોડનો દેખાવ ઘાસના જડીયા જેવો લાગે છે. તેથી તેને ઘાસીયા જડાનો રોગ કહે છે. રીંગણી અને તલની જેમ વરીયાળીમાં પણ પર્ણગૂચ્છના લક્ષણો જોવા મળે છે. ખારેકમાં પાનનો પીળીયો રોગ ફાયટોપ્લાઝમા નામના રોગકારકથી થાય છે. આ રોગમાં રોગિષ્ટ ઝાડના પાન પીળા પડી જાય છે. અગ્રકલિકા સડી જાય છે. વધુ ઉપદ્રવ હોય તો સંપૂર્ણ ઝાડ સુકાઈ જાય છે. ફાયટોપ્લાઝમાથી થતા રોગ મુખ્યત્વે ચૂસિયાં પ્રકારની જીવાતોથી ફેલાતો હોય આ જીવાતનું નિયંત્રણ કરવાથી રોગ ફેલાતો અટકે છે. રીંગણીની રોપણી પછી ૧૦-૧૫ દિવસે કાર્બોફયુરાન ૩ જી દાણાદાર (૩૦ કિલો/હે.) છોડને ફરતે આપવાથી શરૂઆતની અવસ્થામાં તડતડીયાંની વસ્તી કાબૂમાં રહેતા રોગ ફેલાતો અટકાવી શકાય છે. વરીયાળીના ધરૂને રોપતી વખતે ધરૂના મૂળને ઈમીડાકલોપ્રીડ (૦.૦૪%)ના દ્રાવણમાં દસેક મિનિટ બોળી રાખી પછી રોપવાની ભલામણ છે. શેરડીમાં ઘાસિયા જડા રોગનો પ્રાથમિક ચેપ બિયારણ દ્વારા લાગે છે તેથી રોગમુકત વિસ્તારમાંથી તંદુરસ્ત બિયારણ પસંદ કરવું. લામ પાકમાંથી બિયારણ પસંદ કરવું નહિ. શેરડીના કટકા (બિયારણ)ને ગરમી (૫૪° સે. તાપમાન ૮ કલાક) અથવા ગરમ પાણી (૫૦° સે. તાપમાને બે કલાક)ની માવજત આપી રોપણી કરવી. શેરડીના ટિશ્યુકલ્ચર છોડમાંથી તૈયાર કરેલ છોડનો વાવેતરમાં ઉપયોગ કરવો. ખેતરમાં ફાયટોપ્લાઝમાથી થયેલ રોગિષ્ટ છોડ જોવા મળે કે તરત જ તેને ઉખાડી નાશ કરવો. ફાયટોપ્લાઝમાથી થતા રોગ ચૂસિયાં પ્રકારની જીવાત (ખાસ કરીને તડતડીયાં)થી ફેલાતો હોય પાકમાં જરૂર મુજબ શોષક પ્રકારના કીટનાશકો (ફોસ્ફામીડોન, ડાયમીથોએટ, ઈમીડાકલોપ્રીડ, એસીટામીપ્રીડ, એસીફેટ, મિથાઈલ-ઓ–ડેમેટોન વગેરે)નો છંટકાવ કરવાથી વાહક કીટકની વસ્તી ઘટતા રોગ આગળ ફેલાતો અટકે છે.

**રોગનાશક રસાયણોની સાંદ્રતા(પ્રમાણ)ની ગણતરી :-**

ખેતી પાકોમાં જોવા મળતા જુદા જુદા રોગના નિયંત્રણ માટે રોગનાશક રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે. આ રસાયણો બજારમાં જલદ (કોન્સેન્ટ્રેટ) સ્વરૂપે મળે છે. તેને સીધે સીધા છાંટવામાં આવે તો પાક પર તેની વિપરિત અસર થતી હોય છે. તેથી પાક પર છાંટતા પહેલાં તેને જરૂરી માત્રામાં સાંદ્રતાએ મંદ (ડાયલુટ) કરીને ઉપયોગ કરવામાં આવે છે. જલદ સ્વરૂપે મળતા રોગનાશક રસાયણોમાંથી જરૂરી પ્રમાણવાળુ પ્રવાહી મિશ્રણ કેવી રીતે તૈયાર કરી શકાય તે જાણવું ખૂબ જ જરૂરી છે.

પાણીમાં ભીંજવી શકાય (વેટેબલ પાઉડર) અને પાણીમાં ઓગળી શકે (સોલ્યુબલ પાઉડર) તેવા ભૂકારૂપ રોગનાશક પ્રવાહી સ્વરૂપે પાક પર છાંટવામાં આવે છે. દા.ત. બજારમાં કાર્બેન્ડાઝીમ ૫૦% વેટેબલ પાઉડર સ્વરૂપે મળે છે. તેને ૦.૦૫% સાદ્રતાએ છાંટવાની ભલામણ હોય તો ૧૦ લિટર પાણીમાં કેટલો જથ્થો મિશ્ર કરવો તે નીચે મુજબના સૂત્રનો ઉપયોગ કરી ગણતરી કરી શકાય. આમ ૧૦ લિટર પાણીમાં ૧૦ ગ્રામ કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. મિશ્ર કરવાથી ૦.૦૫ની સાંદ્રતાવાળું પ્રવાહી મિશ્રણ તૈયાર થશે.

પ્રવાહી (ઈમલ્સીફાએબલ કોન્સન્ટ્રેટ) સ્વરૂપે મળતા રોગનાશક રસાયણને જોઈતી સાંદ્રતાએ છંટકાવ માટે પણ ઉપરોકત સૂત્રનો ઉપયોગ થાય છે. દા.ત. મગફળીના પાકમાં ટીકકા રોગના નિયંત્રણ માટે હેકઝાકોનાઝોલ ૫ ઈસીનો વપરાશ થાય છે. આ ફૂગનાશકને ૦.૦૦૫% સાંદ્રતાએ છાંટવાની ભલામણ છે. તો ૧૦ લિટર પાણીમાં કેટલો જથ્થો મિશ્ર કરવો તે સૂત્ર પરથી ગણતરી કરી શકાય. આમ ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ. લિ. હેકઝાકોનાઝોલ ૫ ઈસી મિશ્ર કરવાથી ૦.૦૦૫%ની સાંદ્રતાવાળું પ્રવાહી મિશ્રણ તૈયાર થાય.

જરૂરી રોગનાશકનો જથ્થો(કિલોમાં)= છાંટવા માટે જોઈતા પ્ર.મિ.નો જથ્થો(લિટરમાં) ટપ્ર.મિ.ની સાંદ્રતા(ટકા) / રોગનાશકમાં અસલ (સક્રિય) તત્વના ટકા

જરૂરી રોગનાશકનો જથ્થો(કિલોમાં)= ૧૦ટ૦.૦૫ / ૫૦ = ૧૦ / ૫૦ ટ ૫ / ૧૦૦ = ૧ / ૧૦૦

જરૂરી રોગનાશકનો જથ્થો(કિલોમાં)= ૧ / ૧૦૦ કિલો = ૧ / ૧૦૦ ટ ૧૦૦૦ / ૧ = ૧૦ ગ્રામ

જરૂરી રોગનાશકનો જથ્થો(લિટરમાં)= ૧૦ટ૦.૦૦૫ / ૫ = ૧૦ / ૫ ટ ૫ / ૧૦૦૦

જરૂરી રોગનાશકનો જથ્થો(કિલોમાં)= ૧ / ૧૦૦ ટ ૧૦૦૦ / ૧ = ૧૦ મિ.લિ.

**ખેતીના તમામ પાક માટે ઉપયોગી**
**ગાય આધારિત પ્રવાહી પ્રોડકટ**

૧૦૦ ટકા ઓર્ગેનિક ૧૫ એમએલનું પાઉચ ૧૫ લીટરના એક પંપ માટે જરૂરી. ખેતી ખર્ચ ઘટાડો, રેગ્યુલર છંટકાવ કરો.
આપના ગામમાં કામગીરી માટે સંપર્ક કરો....
મો.૯૪૨૬૯૮૯૫૭૬

# ભારતમાં ફૂડ પ્રોસેસિંગ



ફૂડપ્રોસેસિંગમાં એવી પ્રક્રિયાનો સમાવેશ થાય છે કે જેના હેઠળ કૃષિ, ડેરી, પશુપાલન, માંસ, મરઘાં અથવા માછીમારીના કોઈપણ કાચા ઉત્પાદનને પ્રક્રિયા (કર્મચારીઓ, શક્તિ, મશીનો અથવા પૈસા સામેલ હોય) દ્વારા એવી રીતે રૂપાંતરિત કરવામાં આવે છે કે તેના મૂળ ભૌતિક ગુણધર્મોમાં ફેરફાર થાય અને રૂપાંતરિત ઉત્પાદનનું વ્યાવસાયિક મૂલ્ય છે અને તેમા નવ અને પ્રાણીઓના વપરાશ માટે યોગ્ય છે. તેમાં ખાદ્ય પદાર્થોને અસરકારક રીતે સાચવવા, તેમની શેલ્ફલાઈફ અને ગુણવત્તા વધારવાના હેતુથી જાળવણી, ખાદ્ય પદાર્થો ઉમેરવા, સૂકવવા વગેરે જેવી પદ્ધતિઓ દ્વારા ઉત્પાદનોના ઉત્પાદન માટે મૂલ્યવર્ધનની પ્રક્રિયાનો પણ સમાવેશ થાય છે.

ફૂડ પ્રોસેસિંગ મહત્વઃ-

ફૂડપ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી (FPI) ખૂબ મહત્વ ધરાવે છે કારણકે તે મહત્વપૂર્ણ જોડાણો અને એનર્જી પ્રદાન કરે છે જેને તે અર્થતંત્રના બે સ્તંભો, એટલે કે કૃષિ અને ઉદ્યોગ વચ્ચે પ્રોત્સાહન આપે છે.

૧. રોજગાર સર્જન : તે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો પૂરી પાડે છે, કારણકે તે કૃષિ અને ઉત્પાદન વચ્ચે સેતુ તરીકે કામ કરે છે.

૨. ખેડૂતોની આવક બમણી : કૃષિપેદાશોની માંગમાં વધારા સાથે, ખેડૂતને ચૂકવવામાં આવતા ભાવમાં સમાન વધારો થશે, જેનાથી આવકમાં વધારો થશે.

૩. કુપોષણ ઘટાડવું : પ્રોસેસ્ડ ફૂડ્સ જ્યારે વિટામિન્સ અને મિનરલ્સથી મજબૂત હોય ત્યારે તે વસ્તીમાં પોષક તફાવત ઘટાડી શકે છે.

૪. ખોરાકનો બગાડ ઘટાડવો : યુ.એન. નો અંદાજ છે કે ૪૦% ઉત્પાદનનો બગાડ થાય છે. તેવી જ રીતે, નીતિ આ યોગે અંદાજે રૂ. ૯૦,૦૦૦કરોડની લણણી પછીના વાર્ષિક નુકસાનનો અંદાજ મૂક્યો હતો. ફાર્મગેટની નજીક યોગ્ય વર્ગીકરણ અને ગ્રેડિંગ પર વધુ ભાર મૂકવાથી, અને વધારાના ઉત્પાદનને ફૂડપ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી(FPI) તરફવાળવાથી, આ બગાડ પણ ઘટાડી શકાય છે, જેનાથી ખેડૂતોને વધુ સારી કિંમત પ્રાપ્ત થઈ શકે છે.

૫. વેપારને વેગ આપે

શ્રી ડી. એન. પડાળિયા
ડો. જે.વી. ચોવટીયા
ડો. એચ.સી.છોડવડીયા
કુ. ડી. એ. પડાળિયા
વિસ્તરણ શિક્ષણ વિભાગ,
જૂનાગઢ કૃષિ યુનર્વિસટી,
જૂનાગઢ ૩૬૨૦૦૧

અને વિદેશી હૂંડિયામણ કમાય : તે વિદેશી હૂંડિયામણનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે. દા.ત. માટે મધ્યપૂર્વના દેશોમાં ભારતીય બાસમતી ચોખાની ખૂબ માંગ છે.

૬. સ્થળાંતર પર અંકુશ : ફૂડપ્રોસેસિંગ શ્રમ-સઘન ઉદ્યોગ હોવાને કારણે સ્થાનિક રોજગારની તકો પૂરી પાડવામાં આવશે અને આમ સ્થળાંતરના સ્ત્રોત વિસ્તારોમાં દબાણ પરિબળ ઘટશે.

૭. ખાદ્ય ફુગાવાને અંકુશમાં લેવો : પ્રક્રિયા કરવાથી ખાદ્ય પદાર્થોની શેલ્ફ લાઈફ વધે છે આમ પુરવઠો માંગને અનુરૂપ રહે છે જેનાથી ખાદ્ય ફુગાવો નિયંત્રિત થાય છે. દા.ત. માટે ફ્રોઝન સફલ વટાણા આખા વર્ષ દરમિયાન ઉપલબ્ધ છે.

૮. પાક-વૈવિધ્ય કરણ : ફૂડપ્રોસેસિંગ માટે વિવિધ પ્રકારના ઈનપુટ્સની જરૂર પડશે જેથી ખેડૂતને પાક ઉગાડવામાં અને વૈવિધ્યકરણ કરવા માટે પ્રોત્સાહન મળશે. સુક્ષ્મ જીવાણુઓ અને અન્ય બગાડના એજન્ટોને કારણે ખોરાકને બગાડતા અટકાવીને ખોરાકની પોષક ગુણવત્તાને જાળવી રાખો અને શેલ્ફ લાઈફને લંબાવે છે.

૯. ઉપભોકતાની પસંદગીઓ વધારે : આજે, ફૂડપ્રોસેસિંગ વિશ્વના અન્ય ભાગોમાંથી ખોરાકને આપણા સ્થાનિક બજારમાં પરિવહન કરવાની મંજૂરી આપે છે.


૧૦. ખોરાકની ગુણવત્તા અને સ્વાદને વધારે : જેથી ફૂડબાસ્કેટમાં વધુ પસંદગીઓ લાવે છે.

ભારતમાં ફૂડપ્રોસેસિંગની સ્થિતિઃ-

ફળો અને શાકભાજીના ઉત્પાદનમાં ચીન પછી ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે પરંતુ ઉત્પાદનના ભાગ્યે જ ૨% પર પ્રક્રિયા કરવામાં આવે છે. મોટા ઉત્પાદન આધાર હોવા છતાં, પ્રક્રિયાનું સ્તર ઓછું છે (૧૦% કરતા ઓછું). લગભગ ૨% ફળો અને શાકભાજી, ૮% દરિયાઈ, ૩૫% દૂધ, ૬% મરઘાં પર પ્રક્રિયા કરવામાં આવે છે. પર્યાપ્ત પ્રક્રિયા કરી શકાય તેવી જાતોનો અભાવ આ ક્ષેત્ર માટે નોંધપાત્ર પડકાર બની રહ્યો છે.

વિશ્વની ૫૦% ભેંસ અને ૨૦% પશુઓ સાથે ભારતના પશુ ધનની વસ્તી વિશ્વમાં સૌથી વધુ છે, પરંતુ કુલ માંસ ઉત્પાદનના માત્ર ૧% જ મૂલ્ય વર્ધિત ઉત્પાદનોમાં રૂપાંતરિત થાય છે. ૭૫% થી વધુ ઉદ્યોગ અસંગઠિત ક્ષેત્રમાં છે. પ્રક્રિયાને પ્રાથમિક અને ગૌણ પ્રક્રિયામાં દર્શાવી શકાય છે. ચોખા, ખાંડ, ખાદ્યતેલ અને લોટ મિલો પ્રાથમિક પ્રક્રિયાના ઉદાહરણો છે. ગૌણ પ્રક્રિયામાં ફળો અને શાકભાજી, ડેરી, બેકરી, ચોકલેટ અને અન્ય વસ્તુઓની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. ભારતમાં મોટા ભાગની પ્રક્રિયાને પ્રાથમિક પ્રક્રિયા તરીકે વર્ગીકૃત કરી શકાય છે, જેમાં ગૌણ પ્રક્રિયાની તુલનામાં ઓછા મૂલ્ય-વધારા હોય છે. ખેડૂતોની આવક વધારવા માટે પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સમાં મૂલ્ય શૃંખલાને આગળ વધારવાની જરૂર છે. દાખલા તરીકે, ફળો અને શાકભાજી જેવા બાગાયતી ઉત્પાદનો, અનાજ પાકોની સરખામણીમાં ઉચ્ચ મૂલ્ય-વધારાની સંભાવના ધરાવે છે. હાલમાં, ભારતની કૃષિ નિકાસમાં મુખ્યત્વે કાચા માલનો સમાવેશ થાય છે, જે પછી અન્ય દેશોમાં પ્રક્રિયા કરવામાં આવે છે, જે ફરીથી મૂલ્ય શૃંખલામાં આગળ વધવાની જગ્યા સૂચવે છે. (ક્રમશઃ)

# મગફળીના પાકમાં સફેદ ધૈણની ઈયળો અને જીવાતના સંકલિત નિયંત્રણ માટે પગલા લેવા ખેડૂતોને ભલામણ





ચાલુ ખરીફ ઋતુમાં મોટે ભાગે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યના ખેતી પાક મગફળીમાં ધૈણ નામની જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે જોવા મળવાના અહેવાલ છે. જે મગફળી પાકને નુકસાન પહોંચાડે છે. મગફળીનો છોડ સૂકાઈ જતાં મોટા ખાલા પડે છે. સંકલિત જીવાત નિયંત્રણ માટે આ મુજબ પગલા લેવા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે. ૧) મગફળી ચાસમાં આપવાની માવજત : જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે જૈવિક જંતુનાશકો જેવા કે, મેટારીઝીયમ એનીસોપ્લી અથવા બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા (ન્યુનતમ ૨ બાય ૧૦૬ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા અથવા ઉગવાના ૩૦ દિવસ પછી ૧ કિગ્રા ૩૦૦ કિ.ગ્રા. દિવેલી ખોળ સાથે ભેળવી છોડની હરોળમાં આપવી. આ બંને જૈવિક જંતુનાશકો જમીનમાં આપતા સમયે ભેજ હોવો આવશ્યક છે. ધૈણનો ઉપદ્રવ વધારે હોય તો બજારમાં મળતા રાસાયણિક જંતુનાશકો ક્લોરપાયરીફોસ ૧૦જી હેક્ટરે ૧૦ થી ૧૫ કિ.ગ્રા. ચાસમાં વાવેતર પહેલા આપવું. ૨) વાવેતર પછી નિયંત્રણના પગલા : જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે ક્લોરપાયરીફોસ ૨૦ઈ.સી.૨૫ થી ૩૦ મિ.લિ. દવા પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિક્ષ કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવું, ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. હેક્ટરે ૪ લિટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારુ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનું હોય ત્યારે આ જીવાતના નિયંત્રણ કરવા માટે ક્લોરપાયરીફોસ ૪ લિટર દવા ૫ લિટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સૂકવી, આ રેતી એક હેક્ટર વિસ્તારમાં છોડના થડ પાસે પુંખવી ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું. મીથોક્સી બેન્જીન નામનું રસાયણ બજારમાં ઉપલબ્ધ છે જે આ જીવાતના એગ્રીગેશન એટલે કે બધા પુખ્ત એકઠા કરવાના ફોરોમોન તરીકે કામ કરે છે તેનો ઉપયોગ કરી ઢાલિયાની વસ્તીને કાબૂમાં રાખી શકાય છે. વધુ જાણકારી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારીશ્રી, કે.વી.કે, ખેતી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ અને તાલીમ) અથવા કિસાન કોલ સેન્ટર નં. ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે. **(સંકલનઃ માહિતીખાતુ-અમરેલી)**

# G-૨૦ સમિટ ઈન્ફાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ સેશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(જી.એન.એસ),તા.૧૬



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭-૨૦ સમિટ અંતર્ગત ગાંધીનગરના ગીફટસિટીમાં યોજાઈ રહેલી ઈન્ફાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગનો પ્રારંભ કરાવતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, કોઈપણ દેશ કે રાષ્ટ્રના પ્રોગ્રેસ અને પ્રોસ્પેરિટી માટે ઈન્ફાસ્ટ્રક્ચરમાં ઈન્વેસ્ટમેન્ટ મહત્વની બાબત છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, એન્વાયરમેન્ટલ સસ્ટેઈનેબિલીટી અને સોશિયલ પ્રોગ્રેસ સાથે જ ઈકોનોમીક ગ્રોથ અને ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ સાર્થક થઈ શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટસિટી પરિસરમાં આ ડાયલોગ – સેશનનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરતા ગિફ્ટસિટીએ દેશના પ્રથમ ઈન્ટરનેશનલ ફાયનાન્સ સર્વિસ સેન્ટર IFSC ધરાવવાનું ગૌરવ મેળવેલું છે. આ પરિસર પ્રથમવાર ઈન્ટરનેશનલ ડિસ્કસનનું પ્લેટફોર્મ બન્યુ છે. તેનો પણ તેમણે હર્ષ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ ગુજરાતને બિઝનેસ અને ફાયનાન્સિયલ એક્ટીવિટીઝનું ગ્લોબલ હબ બનાવવાની નેમ વ્યક્ત કરતાં ઉમેર્યું કે, રાજ્યમાં પાછલા દશકોથી લગાતાર મોટા પ્રમાણમાં FDI આવતું રહ્યું છે તે જ ગ્લોબલ બિઝનેસ ગુજરાત પર ભરોસો કરે છે તેનું પ્રમાણ છે. ૨૦૨૨-૨૩ના વર્ષમા ગુજરાતે ૪.૭ બિલીયન ડોલરથી વધુ FDI મેળવ્યું છે તેનો મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

# આગામી ૨૪ કલાકમાં દેશના ૭ રાજ્યો પર મોટું સંકટ! વરસાદના કારણે ભારે તબાહીની શકયતા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૬



હવામાન વિભાગે દેશના લગભગ ૨૦ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. યુપીથી લઈને ઉત્તરાખંડ સુધી ભારે વરસાદ થઈ શકે છે. યુપીમાં ૫૦ થી વધુ જિલ્લાઓ છે. જ્યાં આગામી ૨ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. ખતરાને જોતા એસડીઆરએફની ટીમો તૈનાત કરવામાં આવી રહી છે. ઉત્તરાખંડના ટિહરી, દેહરાદૂન, પૌરી, હરિદ્વાર, ચંપાવત, નૈનીતાલ અને ઉધમ સિંહ નગરમાં ભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત હરિયાણા, પંજાબ, રાજસ્થાન, એમપી, મહારાષ્ટ્રમાં હવામાન વિભાગે એલર્ટ જાહેર કરીને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.દિલ્હીમાં યમુનામાં પૂર બાદ હવે દિલ્હીમાં વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આવતા ચોવીસ કલાક જુલાઈ દરમિયાન દિલ્હી અને તેની આસપાસ મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર પ્રદેશના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે.

# યુપી-બિહારમાં આકાશી આફતથી પૂરની સ્થિતિ : હજુ ભારે વરસાદની આગાહી

લખનૌ,તા.૧૬

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં આ દિવસોમાં વરસાદની પ્રક્રિયા ચાલી રહી છે અને હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર આ વરસાદથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે, ત્યારે બિહારમાં આગામી ૨૪ કલાકમાં વધુ વરસાદની શક્યતા છે. સતત મુશળધાર વરસાદને કારણે અનેક નાની-મોટી નદીઓ તણાઈ રહી છે અને હજારો લોકો તેનાથી પ્રભાવિત થઈ રહ્યા છે. જો કે હવામાન વિભાગે લોકોને આગામી ૪૮ કલાક સુધી વરસાદ દરમિયાન સુરક્ષિત સ્થળોએ રહેવા કહ્યું છે. ૨૩ જિલ્લામાં એલર્ટ જારી કરતી વખતે વિભાગે લોકોને જર્જરિત મકાનોમાં ન રહેવાની પણ સલાહ આપી છે.બિહારમાં વરસાદને કારણે ૯ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે, જ્યારે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બે દિવસ સુધી વરસાદની પ્રક્રિયા ચાલુ રહેવાની સંભાવના છે.

# દેશભરમાં ૪૪ટકા ધારાસભ્ય સામે ગુનાહિત કેસ : સર્વે રીપોર્ટ

નવીદિલ્હી,તા.૧૬




એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ એટલે કે એડીઆરનો એક રિપોર્ટ સામે આવ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશભરના રાજ્યોની વિધાનસભાઓમાં લગભગ ૪૪ ટકા ધારાસભ્યોએ પોતાની વિરુદ્ધ ગુનાહિત કેસ જાહેર કર્યા છે. એડીઆર અને નેશનલ ઈલેક્શન વોચ દ્વારા હાથ ધરવામાં આવેલા વિશ્લેષણમાં સમગ્ર દેશમાં રાજ્યની વિધાનસભાઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વર્તમાન ધારાસભ્યોના સોગંદનામાની તપાસ કરવામાં આવી હતી.

આ ડેટા તાજેતરની ચૂંટણી સોગંદનામામાંથી એકત્રિત કરવામાં આવ્યા હતા.વિશ્લેષણમાં ૨૮ રાજ્યની વિધાનસભાઓ અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કાર્યરત કુલ ૪,૦૩૩માંથી ૪,૦૦૧ ધારાસભ્યોને આવરી લેવામાં આવ્યા છે. જેના આધારે એડીઆર રિપોર્ટ બહાર આવ્યો છે. એડીઆર મુજબ વિશ્લેષણ કરાયેલા ૧,૧૩૬ અથવા લગભગ ૨૮ ટકા ધારાસભ્યોએ પોતાની સામે ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા હતા. જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ અને મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સામેલ છે.

# અમરનાથ યાત્રામાં માથામાં મોટો પથ્થર વાગતા ગુજરાતી મહિલાનું મોત

(એ.આર.એલ),સુરત,તા.૧૬



ભારે વરસાદને કારણે આ વર્ષે અમરનાથ યાત્રાને અસર પડી છે. અમરનાથ યાત્રા અધવચ્ચે અટકાવી દેવાઈ છે. તો અનેક ભક્તો રસ્તામાં અટવાયા છે. આવામાં અમરનાથની યાત્રાએ ગયેલા સુરતની મહિલાનું મોત નિપજ્યું છે. સુરતના કામરેજના ઊર્મિલાબેન મોદી અમરનાથની યાત્રાએ ગયા હતા, જેમાં ભુસ્ખલન થતાં ઊર્મિલાબેનને માથાના ભાગે પત્થર વાગ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમરનાથ યાત્રા દરમિયાન એક જ સપ્તાહમાં આ ત્રીજા યાત્રીનું મોત નિપજ્યું છે.

# ભાવનગરમાં જૂથ અથડામણ : જુગાર મુદ્દે થયેલા ધિંગાણામાં ૧૫થી વધુ ઘાયલ

ભાવનગર,તા.૧૬



ભાવનગર શહેરના આનંદનગર રોડ પર આવેલા આડોડિયાવાસ વિસ્તારમાં જૂની અદાવતે જૂથ અથડામણ સર્જાઈ હતી. બે સમાજના લોકો સામસામે આવી જતા પ્રાણઘાતક હથિયારો વડે હુમલો કરતા બંને પક્ષે મળી ૧૦ થી ૧૨ લોકોને નાની મોટી ઈજાઓ પહોંચતા હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર ધસી ગયો હતો, તેમજ લોકોના ટોળા વિખરી મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો, જોકે હાલ પણ આ વિસ્તારમાં જૂથ અથડામણના કારણે એક અજંપાભરી શાંતિ જોવા મળી રહી છે. કોઈ અઘટિત ઘટના ના બને એ માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ગૃહમંત્રાલયના આંકડા મુજબ રાજયમાં વરસાદને કારણે ૧૦૩ લોકોના મોત


અમદાવાદ,તા.૧૬

દેશભરમાં ભારે વરસાદ બાદ કેટલાક રાજ્યમાં વિનાશ જોવા મળી રહ્યો છે. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર, જૂનમાં ચોમાસાની શરૂઆત થયા પછી ભારતમાં ભારે વરસાદ સબંધિત ઘટનાઓને કારણે અત્યાર સુધી ૬૨૪ લોકોના મોત થયા છે. જોકે, આ ગત વર્ષની તુલનામાં આશરે ૩૨ ટકા ઓછા છે. ગૃહ મંત્રાલયનો આ રિપોર્ટ અલગ અલગ રાજ્યમાં ભારે વરસાદ બાદ કૃષિ અને સંપત્તિના નુકસાન સાથે મોતને જોડે છે, જે બાદ આ આંકડો સામે આવે છે.

ગુજરાતમાં બિપરજોય વાવાઝોડાએ કહેર મચાવ્યો હતો અને તે પછી ભારે વરસાદ બાદ સામાન્ય જનજીવન અસ્ત-વ્યસ્ત બન્યું હતું. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર, ગુજરાતમાં કુલ ૧૦૩ લોકોના મોત થયા છે.

# મોરારી બાપુ ટ્રેન યાત્રા કરી ૧૮ દિવસમાં ૧૨ જ્યોતિર્લિંગ મંદિરે રામકથા યોજશે

અમદાવાદ,તા.૧૬



પ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુ દ્વારા આગામી શ્રાવણ મહિનામાં અનોખુ આયોજન કરવામાં આવ્યુ છે. મોરારી બાપુ શ્રાવણ મહિના દરમિયાનના ૧૮ દિવસ રેલવે યાત્રા કરીને ૧૨ જ્યોતિર્લિંગ પહોંચશે અને જ્યાં રામકથા યોજશે. શ્રાવણમાં તેઓની આ રેલ યાત્રા ઐતિહાસિક હશે અને આ માટે તૈયારી કરી લેવામાં આવી છે. પ્રથમ કથાનુ આયોજન કેદારનાથમાં કરવામાં આવ્યુ છે. ત્યારબાદ ઋષિકેશથી મોરારી બાપુની ટ્રેન સફર શરુ થશે. તેમની સાથે ૧૦૦૮ ભક્તો પણ જોડાશે. ઋષિકેશથી શરુ થયેલી રેલવે યાત્રા ૧૮ દિવસના પ્રવાસ બાદ ગુજરાત પહોંચશે.

૮ રાજ્યોમાં રેલવે યાત્રાનો પ્રવાસ કરવા દરમિયાન ૩ પવિત્ર પ્રસિદ્ધ યાત્રાધામોના દર્શન કરવામાં આવશે. જેમાં તિરુપતિ બાલાજીમાં મોરારી બાપુ અને ભક્તો દર્શન કરશે. અસાધારણ આધ્યાત્મિક મહિમા યાત્રા માટે ખાસ વ્યવસ્થાઓ તૈયાર કરવામાં આવી છે.

# ઓપી રાજભર એનડીએમાં જોડાયા ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૧૬

ઘણા દિવસોની અટકળો બાદ સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના વડા ઓમ પ્રકાશ રાજભર એનડીએમાં જોડાયા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે (૧૬ જુલાઈ) તેની જાહેરાત કરી છે. તેમણે ટ્વિટ કર્યું કે રાજભરના આવવાથી એનડીએ મજબૂત થશે. આ પહેલા ૧૪ જુલાઈના રોજ બંને નેતાઓની મુલાકાત પણ થઈ હતી. અમિત શાહે મીટિંગનો એક ફોટો પણ શેર કર્યો છે, જેમાં રાજભર સાથે તેમનો પુત્ર અરવિંદ રાજભર પણ જોવા મળી રહ્યો છે. "દિલ્હીમાં ઓ.પી. રાજભરજીને મળ્યા અને તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જીના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. હું એનડીએ પરિવારમાં તેમનું સ્વાગત કરું છું. રાજભર જીના ઉત્તર પ્રદેશમાં આગમન સાથે એનડીએને તાકાત મળશે અને મોદીજીના નેતૃત્વમાં એનડીએ દ્વારા ગરીબો અને દલિત લોકોના કલ્યાણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસોને વધુ બળ મળશે.

# આ વર્ષે અધિક માસ હોવાથી શ્રાવણ મહિનાનો મહિમા ખૂબ જ ખાસ રહેશે

અમદાવાદ, તા.૧૬




શ્રાવણ માસની શરૂઆત આવતી કાલથી થઈ રહી છે. આ વર્ષે અધિક માસ હોવાથી આ વર્ષનો શ્રાવણ મહિનો ખૂબ જ ખાસ રહેશે. ૧૮ જુલાઈથી અધિક માસની શરૂઆત થશે અને ૧૬ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. આ સમગ્ર મહિનો ભગવાન વિષ્ણુને સમર્પિત છે. આ કારણોસર આ મહિનામાં શ્રીહરિ અને માઁ લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. માનવામાં આવે છે કે, આ મહિનામાં કોઈ શુભ કાર્ય ના કરવું જોઈએ. પરંતુ કેટલાક એવા કાર્યો કરવા જોઈએ, જે કરવાથી માઁ લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા રહે છે. અધિક માસમાં કયા કાર્યો કરવા જોઈએ, તે અંગે અહીંયા જણાવવામાં આવ્યું છે. પીપળાના ઝાડ પર જળ અર્પણ કરો- અધિક માસમાં પીપળાના ઝાડ પર જળ જરૂરથી અર્પણ કરવું જોઈએ. આ ઝાડમાં ભગવાન વિષ્ણુનો વાસ હોવાનું માનવામાં આવે છે.

# ભારતીય રૂપિયાનો ઉપયોગ યુએસ ડોલર જેવો હોવો જોઈએ : શ્રીલંકાના રાષ્ટ્રપતિ

(એ.આર.એલ),કોલંબો,તા.૧૬



શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ કહ્યું કે તે ઈચ્છે છે કે ભારતીય રૂપિયાનો ઉપયોગ અમેરિકી ડૉલરની સમકક્ષ થાય. વિક્રમસિંઘે આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાના રાષ્ટ્રપતિ પણ છે. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે તેઓ થોડા દિવસો પછી ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાતે આવવાના છે. પ્રમુખ સિંઘેએ ભારતીય સીઈઓ ફોરમને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. સીઈઓ ફોરમના પ્રમુખ ટી. એસ પ્રકાશે પોતાના સંબોધનમાં કહ્યું કે શ્રીલંકાની અર્થવ્યવસ્થામાં ભારતીય રૂપિયાનો ઉપયોગ વધવો જોઈએ, જેના જવાબમાં તેમણે કહ્યું કે જો ભારતીય રૂપિયો સામાન્ય ચલણ બની જાય તો કોઈ સમસ્યા નથી.

# હું મારા યુનિયન સાથે ઉભી છું : પ્રિયંકા ચોપરાએ હોલિવૂડ હડતાલનું સમર્થન કર્યું

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૬



હોલિવૂડમાં ૬૩ વર્ષ બાદ પહેલીવાર હડતાળ પડી છે. તે પણ ડબલ સ્ટ્રાઈક. પહેલા લેખકો હડતાળ પર હતા અને હવે કલાકારો પણ તેમાં જોડાયા છે. અત્યાર સુધી સુપરસ્ટાર સિલિયન મર્ફી, એમિલી બ્લન્ટ, ફ્લોરેન્સ પુગ અને ઓસ્કાર વિજેતા મેરિલ સ્ટ્રીપ તેને સપોર્ટ કરતા હતા. હવે આ યાદીમાં પ્રિયંકા ચોપરાનું નામ પણ જોડાઈ ગયું છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ શેર કરી છે કે તે તેના યુનિયન અને કુલીઓ સાથે છે.

હોલીવુડમાં અત્યારે સંકટના વાદળો છવાયેલા છે. રાઈટર્સ ગિલ્ડ ફોર અમેરિકા બાદ હવે સ્ક્રીન એક્ટર્સ ગિલ્ડ પણ હડતાળમાં જોડાઈ ગયું છે. પ્રિયંકા ચોપરાએ શુક્રવારે રાત્રે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટર શેર કર્યું અને લખ્યું, 'સાગ.આફટર મજબૂત. હું મારા યુનિયન અને કૂલીઝ સાથે ઉભો છું. એકતામાં, અમે સારી આવતીકાલનું નિર્માણ કરીએ છીએ.' આ સાથે તેણે હેશટેગમાં સેગ આફટરા સ્ટ્રોંગ અને સેગ આફ્ટ્રા સ્ટ્રાઈકનો પણ ઉલ્લેખ કર્યો છે. ઈન્ડસ્ટ્રીના લોકોની માંગ ઓછી સેલેરી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા જોખમને લઈને છે. તેઓ ખાતરી કરવા માંગે છે કે છૈંના આગમન પછી તેમની નોકરી પર કોઈ ખતરો નથી. તેમજ પગાર સુધારવાની માંગણી કરી છે. ત્રીજી માંગ પણ ડિજિટલ અધિકારો સાથે જોડાયેલી બાબતોને લઈને છે.તેની વ્યાપક અસર જોવા મળી રહી છે. ઘણા ટીવી શોના એપિસોડ ટેલિકાસ્ટ માટે અટવાયેલા છે. પ્રોડક્શન હાઉસને પણ તાળા લાગી ગયા છે, તેની ઊંડી અસર આવનારા સમયમાં જોવા મળી શકે છે.

# વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણીમાં ભારતીય ટીમની નવી જર્સી પર વિવાદ ઉઠયો

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૧૬




ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઈ રહેલી બે મેચની ટેસ્ટ સીરીઝની પ્રથમ મેચ માત્ર ૩ દિવસમાં સમાપ્ત થઈ ગઈ છે. ભારતે અહીં યજમાન ટીમ સામે ઈનિંગ્સ અને ૧૪૧ રનની મોટી જીત નોંધાવી હતી. સિરીઝની પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયા નવી ટેસ્ટ જર્સી પહેરીને બહાર આવી હતી, જેના કારણે વિવાદ થયો છે. ICC નિયમોની અવગણના કરવામાં આવી છે જેના કારણે કાર્યવાહી થઈ શકે છે. ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ એક દાવથી જીતીને ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. ડેબ્યૂ કરતી વખતે યશસ્વી જયસ્વાલે ૧૭૧ રનની ઈનિંગ રમીને ઘણા રેકોર્ડ બનાવ્યા હતા. કેપ્ટન રોહિત શર્માએ સદી ફટકારી અને આર અશ્વિને મેચની બંને ઈનિંગ્સ સહિત કુલ ૧૨ વિકેટ લીધી. વેસ્ટ ઈન્ડિઝ પર ભારતીય ટીમની શાનદાર જીત બાદ ટીમ ઈન્ડિયાની જર્સીને લઈને વિવાદ થયો છે. ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટમાં નવી જર્સી પહેરીને ઉતરી હતી, જેમાં ICCના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ICCએ દરેક ટીમની જર્સી બનાવવા માટે કેટલાક માપદંડો નક્કી કર્યા છે, જો અવગણવામાં આવશે તો કાર્યવાહી થઈ શકે છે. ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩ની ફાઈનલ મેચમાં પ્રવેશ કર્યો હતો જેમાં તેનો પરાજય થયો હતો. આ મેચ પહેલા જ BCCIએ એડિડાસ સાથે કોલાબ કર્યું હતું અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩ની અંતિમ જર્સી બનાવી હતી. આ પછી BCCIએ ડ્રીમ૧૧ સાથે પણ કોલાબ કર્યું અને જર્સીમાંથી બાયજુસનું નામ હટાવી દેવામાં આવ્યું.



# G20-ભારત પ્રતિનિધિઓનું ગુજરાતમાં સ્વાગત છે

# નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેંકોના ગવર્નરોની ત્રીજી મીટિંગ

G20 ભારત 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

17 થી 18 જુલાઇ, 2023



## પ્રજાલક્ષી અભિગમ દ્વારા વૈશ્વિક સ્તરે આર્થિક વિકાસને પ્રોત્સાહન

મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

### મુખ્ય કાર્યક્રમો

- વૈશ્વિક અર્થતંત્ર અને વૈશ્વિક આરોગ્ય
- સસ્ટેનેબલ નાણાકિય અને માળખાગત સુવિધાઓ
- ક્રિપ્ટો સંપત્તિ પર ગોળમેજી પરિષદ
- આંતરરાષ્ટ્રીય નાણાકીય સંરચના
- નાણાકીય ક્ષેત્ર અને આર્થિક સમાવેશ
- આંતરરાષ્ટ્રીય કરવેરા

### મુખ્ય આકર્ષણો

પ્રદર્શન
- સરળ ધિરાણ
- ડિજિટલ ભારત માટે ડિજિટલ રૂપિયો
- ભારતની રિટેલ પેમેન્ટ ઇકો સિસ્ટમ
- આંતરરાષ્ટ્રીય પેમેન્ટની પહેલ
- UPI પેમેન્ટ પદ્ધતિથી G20 પ્રતિનિધિઓને અવગત કરવા
- ઝડપી પેમેન્ટ પદ્ધતિઓનો સમન્વય
- ગ્રાહક જાગૃતિ અને રક્ષણ

### પ્રતિનિધિ મંડળ દ્વારા પર્યટન સ્થળની મુલાકાત



**દાંડી કુટિર**
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન અને તેમની વિચારધારાને ઊજાગર કરતા સૉલ્ટ માઉન્ડ આકારના સંગ્રહાલયની મુલાકાત



**ગુજરાત એક્સપિરિયન્સ ઝોન**
છેલ્લા 7 દાયકામાં ઔધોગિકરણ, ઉત્પાદન અને હરિત ઊર્જાના ક્ષેત્રમાં ગુજરાતની સિદ્ધિઓ વર્ણવતા સંશોધનનું આકર્ષક પ્રદર્શન



**ગાંધી યાત્રા**
મહાત્મા ગાંધીની પ્રેરણાદાયી જીવન કથા પર 180° પ્રોજેક્શન મેપિંગનો અદભૂત અનુભવ



**અમદાવાદ શહેર હેરિટેજ વૉક અને ઇન્સ્ટિટ્યૂશનલ ટુર**
અમદાવાદના ઉત્તમ કલા સ્થાપત્ય અને પ્રેરણાદાયી સંસ્કૃતિની વચ્ચે ભવ્યતાનો અનુભવ ધરાવતી અમદાવાદ હેરિટેજ વૉક



**મોઢેરા**
11મી સદીના સૂર્ય મંદિર સહિત મોઢેરાના સુજાનપુરા ગામમાં 6 MW સૂર્ય ઉર્જા પ્લાન્ટની મુલાકાત



**પાટણ**
ભવ્ય ઇતિહાસ, અદભૂત શિલ્પો અને મનમોહક સ્મારકો ઉપરાંત હસ્તકલા અને પટોળા સાડી માટે વિશ્વભરમાં જાણીતી ગુજરાતની પ્રાચીન રાજધાની એવા પાટણની મુલાકાત



**સ્ટેચ્યૂ ઑફ યુનિટી**
ભારતના પ્રથમ ગૃહમંત્રી અને લોહપુરૂષ તરીકે જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાત

g20gujarat g20_gujarat